


# શ્રી ગોકુલભાઈ શાહ અન્નદાન યોજના
# અંતર્ગત
# ગ્રોસરી કીટ વિતરણ
# મેયરશ્રીના વરદ્ હસ્તે



પેઇજ નં. પાંચ

PNR સો., બે.મૂં. શાળા અને ફોરમની સંસ્થાઓ
કોશિશ થી કામયાબી
Since 1-8-1974
વિકલાંગોના પુનઃસ્થાપનની પ્રવૃત્તિનું માસિક
૧૫ નવેમ્બર : ૨૦૨૫, અંક નં. ૧૫૫/૫૨૧

Koshish thi Kamyabi ◆ R.N.I. No. GUJGUJ/2013/48176 ◆ Postal Reg. L2/36/RNP/BVR-414/2025-27 ◆ Monthly
Date of Publication : 15 November- 25 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 28

# શ્રી શાહ ખી. લ. બહેરાં-મૂંગા શાળા તસ્વીર સમાચાર



'જયંત શાહ એવોર્ડ' એનાયત...



'વિશિષ્ટ સિધ્ધિ એવોર્ડ' એનાયત...



'તૃપ્તિ પે માસ્ટર એવોર્ડ' એનાયત...



'તૃપ્તિ પે માસ્ટર એવોર્ડ' એનાયત...



નવરાત્રી મહોત્સવમાં કલેક્ટરશ્રી...




નવરાત્રી મહોત્સવમાં ઈનામ વિતરણ...




નવરાત્રી મહોત્સવમાં ઈનામ વિતરણ...




પાંડેરિયા પ્રકૃતિ શિક્ષણ કેન્દ્રની મુલાકાતે...

# કોશિશથી કામયાબી

**આ અંકમાં ...**


- બહેરાં-મૂંગા શાળા તસ્વીર સમાચાર..........૦૨
- INDEX..................................૦૩
- PNR વાર્ષિક સામાન્ય સભા....................૦૪
- અન્નદાન કીટ વિતરણ અને દિવાળી તહેવાર ઉજવણી..........................................૦૫
- વિશ્વ સેરેબલ પાલ્સી દિવસની ઉજવણી......૦૫
- નટરાજ સી. પી. બાળકોની શાળા............૦૬
- સક્સેસ સ્ટોરી..............................૦૮
- ટીચર્સ ટ્રેનિંગ કોલેજ (મલ્ટિપલ ડિસેબિલિટી).૦૯
- કે. એન. શાહ 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ .....૧૦
- પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર.૧૨
- પી.એન. આર. હોસ્પિટલ....................૧૩
- દિશા કમ વિકાસ પ્રોજેક્ટ....................૧૪
- અંબા સી. પી. હોસ્ટેલ......................૧૪
- શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા (પ્રા.વિ.).૧૫
- શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા (ઉ.મા.)...૧૭
- બહેરાં-મૂંગા શાળા મહેતા છાત્રાલય............૧૯
- શ્રી ચંદાબેન મોહનભાઈ પટેલ છાત્રાલય........૨૦
- શ્રીમતી પી.આર. વાધર સાધન-સહાય વર્કશોપ.૨૧
- શ્રી કે. કે. અજમેરા ટિચર્સ ટ્રેનિંગ કોલેજ .........૨૧
- શેઠશ્રી વી. સી. લોઢાવાળા હોસ્પિટલ..........૨૩
- 'અંકુર' મંદબુદ્ધિવાળા બાળકોની શાળા........૨૪
- ભાનુવાડી વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર............૨૫
- ડોનેશન લિસ્ટ..............................૨૫
- PNR તસ્વીર સમાચાર......................૨૭


**પ્રિય વાચક મિત્રો,**

**'કોશિશ થી કામયાબી'** મેગેઝિન આપના હાથમાં મુકતાં આનંદની લાગણી અનુભવું છું.

## વર્લ્ડ પેરાએથ્લેટિક્સ ક્ષેત્રે ભારતની સિધ્ધિ

આપણા દેશે પેરાએથ્લેટિક્સ ક્ષેત્રે ખૂબ જ પ્રગતિ કરી છે અને આંતરરાષ્ટ્રિય કક્ષાએ પણ પદકો જીત્યાં છે. ભારતના પેરાએથ્લેટિક્સ ખેલાડીઓએ પેરા એથ્લેટિક ચેમ્પિયનશીપ અને પેરા ઓલમ્પિક ખેલોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે.

દિવ્યાંગો માટે ખેલોનું મહત્વ ખૂબ છે. જે તેને ફક્ત શારીરિક રીતે જ મજબૂત નથી બનાવતું, પરંતુ તેના માનસિક સ્વાસ્થ્ય અને આત્મવિશ્વાસમાં વધારો કરે છે અને ખેલોમાં ભાગ લેવાથી પોતાની ક્ષમતાઓને ઓળખી અને તેને વિકસિત કરવાનો મોકો મળે છે.

તાજેતરમાં ભારતના ઘર આંગણે પૂરી થયેલી વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશીપમાં, ભારતે છ ગોલ્ડ, નવ સિલ્વર અને સાત બ્રોન્ઝ સાથે કુલ ૨૨ મેડલ જીતીને મેડલ ટેબલમાં ૧૦માં ક્રમે રહ્યું હતું. જેમાં નિષાદ કુમારે ઊંચી કૂદમાં ગોલ્ડ, પ્રજ્ઞાચક્ષુ સિમરને ૧૦૦ મિટર દોડમાં ગોલ્ડ જીત્યો હતો. આ ઉપરાંત હાલમાં બંને હાથ ન ધરાવતી દિવ્યાંગ તિરંદાજ શિતલ દેવીએ, એશિયાકપ સ્ટેજ થ્રીની તિરંદાજી સ્પર્ધામાં, ભારતની મુખ્ય જુનિયર ટીમમાં સ્થાન મેળવીને અનોખી સિધ્ધિ પ્રાપ્ત કરી છે.

આમ ઉત્તરોત્તર દિવ્યાંગો, જીવનના તમામ ક્ષેત્રમાં પ્રગતિ કરતા રહે તેમાં આપણે સૌ આપણું યોગદાન આપતા રહીએ.

✍ **કિરીટ રાઠોડ**

**Healthy citizens are the greatest asset any country can have.**

✍ **Winston Churchill**


**Koshish Thi Kamyabi**
RNI No. GUJGUJ/2013/48176
Postel Reg. No. L2/36/RNP/
BVR-414/ 2022-24, Monthly

- **અંક નં. : ૧૫૫/૫૨૧**
  **૧૫ નવેમ્બર - ૨૦૨૫**
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન: (૦૨૭૮) ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  મો.: 9375757170/9377117170
  **E-mail** : info@pnrsociety.org
  klinstitute.deaf@gmail.com
  **Visit us** : www.pnrsociety.org
  www.klinstitutedeaf.org

- તંત્રી
  **અનંત કે. શાહ**
- સહતંત્રી
  **અશ્વિન પંડ્યા**
  **કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
  **વંશિકા ફોર્મ્સ, ભાવનગર**
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
  **આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**
- **ચેક ''શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર''ના નામનો આપવા વિનંતી.**

- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
  **વંશિકા ફોર્મ્સ, ભાવનગર**
- સંપાદક મંડળ
  **ફાલ્ગુની ખાટસુરિયા**
  **ગજાનંદ ભટ્ટ**
  **જ્યોતિ ભટ્ટી**
  **આરિફ જેઠવા**
  **પારસ શાહ**
  **ભરત કનાડા**
  **રાજેશભાઈ હકાણી**



- **જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |




# PNR સોસાયટી, ભાવનગરમાં યોજાય ગયી ૩૮મી વાર્ષિક સામાન્ય સભા અને ટ્રસ્ટી મંડળની મિટીંગ



✍ કિરીટ રાઠોડ



તા. ૬-૯-૨૫ના રોજ નટરાજ કોલેજ કેમ્પસના કોન્ફરન્સ હોલમાં, પી.એન.આર. સોસાયટીની ૩૮મી ટ્રસ્ટી મંડળની મિટીંગ અને તા. ૭-૯-૨૫ ના રોજ વાર્ષિક સામાન્ય સભા, સંસ્થાના પ્રમુખ શ્રી કૃષ્ણકાંતભાઇ ચિત્તલિયાના અધ્યક્ષપદે યોજાય હતી. મિટીંગની શરૂઆતમાં સંસ્થાના દિવંગત ટ્રસ્ટીશ્રીઓ અને દાતાશ્રીઓ, સ્વ. વામનભાઇ પારેખ, સ્વ. સરોજબેન ચિત્તલિયા, સ્વ. ખુશેન્દ્રભાઈ દેસાઇ, સ્વ. જીતુભાઈ જગન્નાથ મહેતા, સ્વ. જીતુભાઈ સી. મહેતા વિગેરેને બે મિનીટ મૌન પાળી શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી.

આ મિટીંગમાં ટ્રસ્ટી મંડળની તથા એક્ઝિક્યુટિવ કમિટીની કાર્યનોંધને સર્વાનુમતે બહાલી અપાય હતી. આ સાથે ટ્રસ્ટી મંડળની મિટીંગ અને સામાન્ય સભામાં પણ ગત વર્ષની પ્રવૃત્તિઓનો વિસ્તૃત અહેવાલ, પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન દ્વારા સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહે તથા ઓડિટેડ રિપોર્ટ અને હિસાબો ટ્રેઝરર શ્રી હર્ષકાંતભાઈ રાખશિયાએ રજૂ કર્યા હતાં, જેને સભામાં સર્વાનુમતે મંજૂર કરાયાં હતાં. ત્યારબાદ ઓડિટરશ્રીની નિમણુંક અને મહેનતાણું મંજૂર કરી, વર્ષ ૨૦૨૫-'૨૬ નું અંદાજીત બજેટ, સર્વાનુમતે પસાર કરાયું હતું. સંસ્થાના બંધારણની રુએ વાઇસ ચેરમેનની ખાલી જગ્યા ઉપર, ટ્રસ્ટી શ્રી રાજેશભાઈ હકાણીની નિયુક્તિ સર્વાનુમતે કરવામાં આવી હતી. સહમંત્રી શ્રી પ્રકાશભાઈ દેસાઇ (મુંબઈ) એ મુંબઈ ઓફિસની સફળ કામગીરીનો અહેવાલ આપ્યો હતો. આભારવિધિ માનદ્ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડે કરી હતી.

સંસ્થાના ફાઉન્ડર શ્રી બાબાભાઈના માર્ગદર્શન નીચે ઉપરોકત સભ્યો સિવાય, જે સભ્યોએ ઉપસ્થિત રહી ચર્ચામાં ભાગ લીધો હતો તેમાં, મુંબઈથી પધારેલા શ્રી ભરતભાઈ પારેખ (વાઇસ ચેરમેન), શ્રી કીર્તિભાઈ સંઘવી (ઉપપ્રમુખ), શ્રી હર્ષદભાઈ શેઠ (ટ્રસ્ટી) અને શ્રી હિતેનભાઈ દલાલ (ટ્રસ્ટી), તેમજ ભાવનગરના ટ્રસ્ટી-હોદ્દેદારો સર્વશ્રી અશ્વિનભાઈ પંડ્યા, શ્રી ધીરુભાઈ ધંધુકિયા, શ્રી મહાસુખભાઈ જકડિયા, શ્રી પ્રદીપભાઈ ભટ્ટ, સંલગ્નિત સંસ્થાના ટ્રસ્ટી સર્વશ્રી શ્રી લાભુભાઈ સોનાણી, શ્રી અલ્પેશભાઈ શેઠ, શ્રી જીતુભાઈ શાહ, શ્રી સુર્યકાંતભાઈ ચાવડા, શ્રી કીર્તિભાઈ ગાંધી, શ્રી નિલેશભાઈ વાઘર, શ્રી મહેશભાઈ પાઠક, શ્રી નિલેશભાઈ ચલાળિયા વિગેરે મુખ્ય હતાં. આ મિટીંગમાં મુંબઇથી શ્રી નરેન્દ્રભાઈ શાહ (ચેરમેનશ્રી) અને શ્રી હરેનભાઈ સંઘવી (ટ્રસ્ટીશ્રી) ઓનલાઈન ઉપસ્થિત રહ્યાં હતાં.

## શ્રધ્ધાંજલિ



હિમાંશુભાઈ પારેખ

PNR સોસાયટીના દાતા પરિવારના સ્વ. પ્રતાપભાઈ શામજીભાઈ પારેખ અને શ્રી રશ્મિબેન પારેખના સુપુત્ર સ્વ. હિમાંશુભાઈ પી. પારેખનું મુંબઈ ખાતે દુ:ખદ અવસાન થયું છે. સ્વ. દિવ્યાંગો પ્રત્યે ખૂબજ ઊંડી લાગણી ધરાવતા હતાં. સંસ્થા પરિવાર દિવંગતના આત્મશ્રેયાર્થે શોક સંવેદના પ્રગટ કરે છે. ૐ શાંતિ ૐ

# અન્નદાન કીટ વિતરણ અને દિવાળી તહેવાર ઉજવણી




**PNR** સોસાયટી, ભાવનગર સંચાલિત, નટરાજ કોલેજના ઓડિટોરિયમમાં તા. ૧૪-૧૦-૨૫ ના રોજ **શ્રી ગોકુલભાઈ શાહ અન્નદાન યોજના** અન્વયે, દિવ્યાંગજનોને ગ્રોસરી કીટ તથા મુંબઈના દાતા શ્રી હિતેનભાઈ દલાલ પરિવાર તરફથી સંસ્થાના કર્મચારીગણને દિવાળી નિમિત્તે મળેલી ભેટ અર્પણ કરવાનો એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમની શરૂઆત દિવ્યાંગ બાળકો દ્વારા રજૂ થયેલ પ્રાર્થના ગીત અને અભિનય ગીત બાદ, સંસ્થાના મહામંત્રી શ્રી પારસભાઈએ પધારેલ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. સી.પી. સ્કૂલના ઇન્ચાર્જ પ્રિન્સિપાલ શ્રી જીજ્ઞાબેન સોલંકી દ્વારા ૯૯ દિવ્યાંગ લાભાર્થીઓને મહાનુભવોના વરદ હસ્તે ગ્રોસરી કીટનું અને મુંબઈના દાતા શ્રી હિતેનભાઈ દલાલ પરિવાર તરફથી ૧૩૩ કર્મચારીઓને દિવાળી ભેટ આપવામાં આવી હતી. આ પ્રસંગે પધારેલ મુખ્ય મહેમાન મેયરશ્રી ભરતભાઈ બારડને દિવ્યાંગ બાળકો દ્વારા નિર્મિત સ્મૃતિ ભેટ સંસ્થાના ફાઉન્ડર શ્રી બાબાભાઈના વરદ હસ્તે આપવામાં આવી હતી. મેયરશ્રીએ પ્રસંગોચિત્ત ઉદ્દબોધન કર્યું હતું. આભારવિધિ માનદ્ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ દ્વારા તથા કાર્યક્રમનું સંચાલન વિ. શિ. શ્રી ખેવનાબેન ઓઝા દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના મુખ્ય અતિથિ શ્રી ભરતભાઈ બારડ (મેયરશ્રી, ભાવનગર મહાનગરપાલિકા, ભાવનગર), સંસ્થાના ફાઉન્ડર શ્રી બાબાભાઈ, સંસ્થાના ટ્રસ્ટીગણ, શ્રી લાભુભાઈ સોનાણી (KKBS જનરલ સેક્રેટરી), દિવ્યાંગ પરિવારજન, કર્મચારીગણ વિગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

# વિશ્વ સેરેબલ પાલ્સી દિવસની ઉજવણી



**PNR** સોસાયટી, ભાવનગર સંચાલિત, નટરાજ સેરેબ્રલ પાલ્સી સ્કૂલ દ્વારા નટરાજ ઓડિટોરિયમમાં તારીખ ૬-૧૦-૨૫ ના રોજ, વિશ્વ સેરેબલ પાલ્સી દિવસની ઉજવણીના ભગરૂપે “એક રંગ” કાર્યક્રમ રંગેચંગે ઉજવાઈ ગયો. દિવ્યાંગ બાળકોની પ્રભુ પ્રાર્થના અને બાળગીત બાદ, આર્ચાયશ્રી જીજ્ઞાબેન સોલંકી દ્વારા પ્રસંગ પરિચય અને સિધ્ધિ મેળવેલ બાળકોની માહિતી આપી હતી.મહામંત્રી શ્રી પારસભાઈ શાહે સંસ્થાના ટ્રસ્ટીગણ, દિવ્યાંગ બાળકો અને તેઓના વાલીઓનું સ્વાગત કર્યું હતું. સ્વ.શ્રી કાંતિલાલ એલ. મહેતાના કોર્પસ ફંડમાંથી લાભાર્થીઓને પોષણ કીટ, સારવારના સાધનો,કરાટેના સર્ટિફિકેટ વિગેરે સંસ્થાના ફાઉન્ડર શ્રી બાબાભાઈ, મહામંત્રી શ્રી પારસભાઈ શાહ, માનદમંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ, ખજાનચી શ્રી હર્ષકાંતભાઈ રાખસિયા, શ્રી પ્રદીપભાઈ ભટ્ટ, કે.એન. શાહ હાઈટેક ઇન્કલુઝિવ સ્કૂલના આર્ચાય શ્રી હિતેનભાઈ પંડ્યા વિગેરેના હસ્તે કરવામાં આવ્યું હતું. ઉજવણીના ભાગરૂપે શિક્ષકોએ પોસ્ટર પ્રેઝન્ટેશન પણ કર્યું હતું. આભારવિધિ માનદ્ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ દ્વારા અને કાર્યક્રમનું સંચાલન વિશિષ્ટ શિક્ષક શ્રી ખેવનાબેન ઓઝા દ્વારા કરવામાં આવ્યું હતું.



# નટરાજ મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની શાળા



✍ વિભૂતિ વ્યાસ

## નિ:શુલ્ક કાનની તપાસનો કેમ્પ સંપન્ન :



P N R સોસાયટી ભાવનગર સંચાલિત ડો. આઇ. બી. સરધારવાલા ઓડિયોલોજી સેન્ટરમાં નિવૃત્ત SBI અને eSBS કર્મચારીઓ માટે નિ:શુલ્ક કાનની તપાસના કેમ્પનું આયોજન તા. ૧૨-૧૦-૨૫ થી તા. ૧૫-૧૦-૨૫ કરવામાં આવ્યું છે. જેનો દિપ પ્રાગટ્ય કાર્યક્રમ તા. ૧૨-૧૦-૨૫ના રોજ યોજાયો હતો. આ દિપ પ્રાકટ્ય કાર્યક્રમમાં સંસ્થાના ટ્રસ્ટીગણ તથા બેન્કના નિવૃત્ત અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. સંસ્થાના ફૂલ ટાઇમ ઓડિયોલોજીસ્ટ અને સ્પીચથેરાપીસ્ટ ડો. અંબર ગુપ્તા દ્વારા તમામ લાભાર્થીઓની સઘન તપાસ કરી, યોગ્ય શ્રવણયંત્ર તથા સારવારનું માર્ગદર્શન આપવામાં આવ્યું. આ કેમ્પમાં નિવૃત્ત SBI અને eSBS ના 52 કર્મચારીઓએ લાભ લીધો હતો.

## વાંકિયા હનુમાનજી પ્રવાસ :

નટરાજ સી. પી. સ્કૂલ, કે. એન. શાહ ઓટિઝમ સ્કૂલ અને દિશા કમ વિકાસ પ્રોજેક્ટના વિદ્યાર્થીઓ તેમજ વાલીઓશ્રીઓનો, વાંકિયા હનુમાનજી, આંબલાના એક દિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. વાંકિયા હનુમાનજી મંદિર, તિરૂપતિ બાલાજી મંદિર, આંબલા ખાતે ૨૬ વિદ્યાર્થીઓ, ૧૮ વાલીઓ, ૧૨ સ્ટાફ જોડાયાં હતાં. જેમણે કુદરતી દ્રશ્યો, તેમજ રમણીય વાતાવરણ વચ્ચે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ઇ. આચાર્ય શ્રી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન નીચે પ્રવાસ મંત્રી શ્રી કાર્તિકભાઈ વ્યાસે આ આયોજન સફળતાપૂર્વક પૂર્ણ કર્યું હતું.

## નશા મુક્ત અભિયાન :

તા. ૧૦-૧૦ ના રોજ પી. એન. આર. સોસાયટી અને તેના વિવિધ પ્રોજેક્ટ અંતર્ગત, **નશા મુક્તિ શપથ** સ્ટાફ-બાળકો વગેરે દ્વારા લેવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત નશા મુક્ત ભારત અભિયાન અંતર્ગત જાગૃતિ માટે રંગોળી પણ કરવામાં



આવી હતી, તેમજ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ચારૂસેટ (BPT) ફિઝીયોથેરાપી કોલેજની PNR વિઝીટ :

તા. ૧૨-૯ ના રોજ ડો. માનસીબેન ભડિયાદ્રા, ૫૫ વિદ્યાર્થીઓ સાથે PNR સોસાયટીની વિવિધ સંસ્થાઓની મુલાકાત માટે આવ્યાં હતાં. સૌ પ્રથમ પ્રભાફૂટ સેન્ટરની મુલાકાત લઈ. કેમ્પ અંગેની, તેમજ કૃત્રિમ પગ-હાથ તેમજ કેલીપર, ક્રચીસ વગેરેની બનાવટ અંગે જાણકારી પ્રાપ્ત કરી હતી. ત્યારબાદ શ્રી ખી.લ. બહેરાં-મૂંગા બાળકોની હોસ્ટેલ, હાઈસ્કૂલ વિભાગ, પ્રાર્થના વગેરેની મુલાકાત લીધેલ. તેમજ વિદ્યાર્થીઓની કાર્ય શૈલીને સમજવાનો પ્રયત્ન કર્યો હતો. તે સાથે સંસ્થાના માનદ્ મંત્રી ડો. અશ્વિનભાઈ પંડયા દ્વારા શાળા અંગે માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ 'અંકુર' શાળાની મુલાકાત લેવામાં આવી હતી અને તેમની પ્રવૃત્તિઓ વિશે જાણકારી પ્રાપ્ત કરેલ. ભોજન માટે "રસોઈ" રેસ્ટોરન્ટમાં લઈ જવામાં આવ્યાં હતાં તથા ભાવનગરના ધારાસભ્ય શ્રી જીતુભાઈ વાઘાણીએ PNRની પ્રસંશાસભર વાતો, ચારૂસેટ ફિઝિયોથેરાપી કોલેજના વિદ્યાર્થીઓ સાથે વાગોળી હતી. ભોજન બાદ હાઈટેક ઇન્કલુઝિવ સ્કૂલની મુલાકાત લેવામાં આવી હતી. ત્યારબાદ દિશા કમ વિકાસ પ્રોજેક્ટ, ઓટિઝમ પ્રોજેક્ટ અને નટરાજ સી. પી. સ્કૂલની મુલાકાત, ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને કાર્ય પધ્ધતિથી માહિતગાર થયાં હતાં. આ સાથે જ સંસ્થાની ડોક્યુમેન્ટ્રી દ્વારા સંસ્થાની માહિતીની ઝલક બતાવવામાં આવી હતી. તેમજ ચારૂસેટના વિદ્યાર્થીઓએ હૃદયસ્પર્શી નાટકો દ્વારા દિવ્યાંગતા જાગૃતિની જાણકારી આપેલ. આ એક દિવસીય મુલાકાતમાં

ચારૂસેટ ફિઝિયોથેરાપી કોલેજને સંસ્થા દર્શન, નટરાજ સી.પી. સ્કૂલના વિ. શિ. શ્રી ખેવનાબેન ઓઝા અને શ્રી જીગ્નેશભાઈ પારેખ દ્વારા કરાવવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંકલન શ્રી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન સાથે થયું હતું.

**સી.પી. સ્કૂલ અને દિશા કમ વિકાસની અર્ધ વાર્ષિક વાલી મિટીંગ :**

તા. ૧૪-૧૦ ના રોજ નટરાજ સી. પી. સ્કૂલ, દિશા કમ વિકાસ પ્રોજેક્ટની અર્ધ વાર્ષિક વાલી મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નટરાજ સી.પી. સ્કૂલના આચાર્યશ્રી જીજ્ઞાબેન સોલંકી દ્વારા પ્રથમ સત્રની પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી હતી. તેમજ D.Ed..MD ની સફળતા મેળવનાર બેચને અભિનંદન પાઠવ્યાં હતાં. ઓટિઝમ શાળાના વાલી શ્રી નયનાબેન સોલંકી દ્વારા પોતાના અનુભવો જણાવવામાં આવ્યાં હતાં. તેમજ શ્રી ખેવનાબેન ઓઝા દ્વારા પ્રતિભાવ આપવામાં આવ્યો હતો. ડો. અંબર ગુપ્તા દ્વારા વાણી દોષો નિવારણ અંગે અને હોમ બેઈઝ, ટ્રિટમેન્ટ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ મિટીંગમાં સંસ્થાના માનદ્ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડે વાલીઓને પોતાનો પ્રતિભાવ જણાવ્યો હતો. આ મિટીંગમાં વાલીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

**અર્ધ વાર્ષિક સ્ટાફ મિટીંગ :**

તા. ૧૪-૧૦ ના રોજ સી.પી. સ્કૂલ, અન્ય ડિપાર્ટમેન્ટ તથા રિસોર્સ સેન્ટરના સર્વે સ્ટાફની અર્ધ વાર્ષિક સ્ટાફ મિટીંગ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના માનદ્ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડના અધ્યક્ષ સ્થાને અને સંસ્થાના મહામંત્રી શ્રી પારસભાઈ શાહની ઉપસ્થિતિમાં શ્રી જિજ્ઞાબેન સોલંકી દ્વારા મિટીંગ યોજવામાં આવી હતી. જેમાં શ્રી જિજ્ઞાબેન દ્વારા સી. પી. બાળકોના સર્વાંગી વિકાસ માટેની વિવિધ મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી હતી. શ્રી કિરીટભાઈ રાઠોડ દ્વારા શાળામાં તથા રિસોર્સ સેન્ટર ઉપર સંખ્યા વધારવા બાબત, કોઈ પ્રશ્ન, મુંઝવણ વિશે સકારાત્મક સપોર્ટ સાથે, દિવાળીની શુભેચ્છાઓ પાઠવી હતી. શ્રી પારસભાઈ શાહે પણ હકારાત્મક પીઠબળ પૂરું પાડ્યું હતું. મિટીંગના અંતે દાતાશ્રી હિતેનભાઈ દલાલ (મુંબઈ) તરફથી સમગ્ર સ્ટાફ ભાઈઓ-બહેનનો દિવાળી ગિફ્ટ આપવામાં આવી હતી. અંતમાં સમગ્ર સ્ટાફને દિવાળીની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

**સેવા પખવાડિયા કાર્યક્રમ :**

ભારતીય જનતા પાર્ટી દ્વારા સેવા પખવાડિયા



કાર્યક્રમમાં વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરેલ તથા દિવ્યાંગતા ધરાવતા શ્રેષ્ઠ વ્યક્તિઓના સન્માન કાર્યક્રમમાં આ સંસ્થાના કર્મચારી જલ્પા ભરતભાઈ બારડ તથા કે. એન. શાહ હાઈટેક ઇન્કલુઝિવ સ્કૂલમાં હાલમાં ધો. ૧૦માં અભ્યાસ કરતાં વિદ્યાર્થી કૃણાલ આહિરનું ભાવનગરના મેયરશ્રી ભરતભાઈ બારડ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થા વતી નટરાજ સી.પી. સ્કૂલ અને કે. એન. શાહ હાઈટેક ઇન્કલુઝિવ સ્કૂલના બંને આચાર્યશ્રીઓ તથા શિક્ષક શ્રી પાર્થભાઇ ઉપસ્થિત રહ્યાં હતાં.

**સિલ્વર બેલ્સની દિવાળી ઉજવણી :**

નટરાજ સી. પી. સ્કૂલ તથા તમામ પ્રોજેક્ટના વિભાગો દ્વારા દિવાળીની ઉજવણી તા. ૧૩-૧૦ ના રોજ કરવામાં આવેલ. જેમાં સિલ્વર બેલ્સ સ્કૂલના વિદ્યાર્થીઓએ બાળકોને ઘણી બધી પ્રવૃત્તિઓ કરાવી હતી. જેમ કે રમત, વાર્તા વગેરે, તેમજ બાળકોને મિઠાઇ અને ચોકલેટ આપીને દિવાળીની ઉજવણી કરી હતી.

**ફાયર સેફ્ટી :**

તા. ૨૬-૯ ના રોજ 'સ્વચ્છતા હી સેવા' કાર્યક્રમ અંતર્ગત જિલ્લા કક્ષાએ, જિલ્લા સમાજ સુરક્ષા કચેરી, ભાવનગર દ્વારા, દિવ્યાંગ કલ્યાણ સંસ્થાઓના વિદ્યાર્થીઓ, કર્મચારીઓ માટે **ફાયર સેફ્ટી મોક ડ્રિલ** કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા સમાજ સુરક્ષા ઓફિસમાંથી શ્રી બી. પી. ચુડાસમા સાહેબ, શ્રી પી. બી. ગોહિલ સાહેબ, સંસ્થામાંથી મહામંત્રી શ્રી પારસભાઈ શાહ, માનદ્ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ, તથા નટરાજ સી.પી. સ્કૂલ, બહેરાં-મૂંગા શાળા અને 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળાના વિદ્યાર્થીઓ તથા કર્મચારીઓ મળીને કુલ ૧૮૫ વ્યક્તિઓ જોડાયાં હતાં. જેમાં ફાયર વિભાગ દ્વારા ફાયર સેફ્ટીની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

# સક્સેસ સ્ટોરી



**ખુશાલ વિપુલભાઈ ખેરાલા**



**ડો. પ્રવિણ દેશમુખ**
**(ઓકયુપેશનલ થેરાપિસ્ટ)**

માસ્ટર ખુશાલ ખેરાલા, કે.એન.શાહ ઓટિઝમ સ્કૂલમાં ઓકયુપેશનલ થેરાપી પ્રાપ્ત કરી રહ્યો છે. તેના કાર્યનું મુલ્યાંકન, તેના પ્રાપ્ત વિકાસાત્મક પ્રયત્નોને રેફરન્સ તરીકે લેતા, બાળકને વર્તન સમસ્યા, લેખન, ચિત્રકામમાં, રંગોની ઓળખમાં અને કોયડા ઉકેલ કરવામાં સમસ્યા થતી હતી. આ સાથે-સાથે સંકલ્પના શક્તિ અને બૌધ્ધિક ક્ષમતા પણ અસરગ્રસ્ત હતી તેમજ પોતાની વાત રજૂ કરવામાં પણ મુશ્કેલી અનુભવાતી હતી. સતત સારવાર અને પ્રત્યક્ષ પ્રયત્ન વડે બાળકમાં નીચે મુજબના સ્તરમાં સુધારો જોવા મળ્યો. તેમજ તેનામાં ઉંમર અનુરૂપ કાર્યક્ષમતાનો વિકાસ થયો.

| વિસ્તાર (એરિયા) | સારવાર પહેલાં | વર્તમાન સ્તર |
|---|---|---|
| પુર્વ વાંચન કૌશલ્યો | અવયવોની ક્ષમતા ઓછી, એક જગ્યા પર વધુ સમય બેસી શકતો ન હતો. સુચનો સમજવામાં મુશ્કેલી પડતી હતી. અતિચંચળ. પ્રવૃત્તિ કરવામાં મર્યાદિત રસ રૂચી. કાર્ય પૂર્ણ કરી શકતો ન હતો. પોતાના અભ્યાસ (પ્રવૃત્તિ)નું ભારણ સ્વીકારવામાં નબળો. સ્વ કેન્દ્રી વર્તન. સામાન્ય રીતે સતત દડાથી રમતો રહેતો. | બેસવાની ક્ષમતામાં વધારો થયો. એક જગ્યાએ 40 મિનીટ બેસે છે. સહયોગ આપતો થયો. થેરાપિસ્ટ સાથે ઘનિષ્ઠતા વધી. આપેલ સુચનોને અનુસરે છે. સુચના મુજબ આપવામાં આવેલ પ્રવૃત્તિઓમાં રસ-રૂચિમાં વધારો થયો, તેમજ પ્રવ્રત્તિ સંપૂર્ણ સહયોગથી પૂર્ણ કરે છે. ધ્યાન આપવાની ક્ષમતા વધી. એકાગ્રતા વધી. સ્વકેન્દ્રી વર્તન ઘટયું. તેમજ પ્રવૃત્તિમાં ભાગીદારી વધી. |
| **ગ્રોસ મોટર સ્કિલ** | **વય આધારિત** | **વય આધારિત** |
| ફાઇન મોટર સ્કિલ (સુક્ષમ અવયવોનું કૌશલ્ય) | સુક્ષ્મ અવયવો (હાથનું કૌશલ્ય) યોગ્ય હતું. પરંતુ પઝલ જેવી વસ્તુઓને યોગ્ય રોતે ગોઠવી શકતો ના હતો. તેમજ બ્લોક ગોઠવવા, લેખન કાર્ય અને ચિત્રકામ (કલર) કરવામાં મુશ્કેલી અનુભવતો હતો. ક્રેયોન રંગો વડે કલરકામ કરી શકતો ના હતો, અયોગ્ય રીતે કલર કરતો હતો. ઘુંટવા કે જોડાવાની પ્રવ્રત્તિ વખતે હાથને ઝડપથી અને અયોગ્ય રીતે હલાવતો હતો. તદ્દન અયોગ્ય લેખન શૈલીમાં લખતો હતો. લેખનનું સ્તર ઘૂંટવા સુધીનું જ હતુ. | યોગ્ય રીતે પઝલ અને બ્લોક ગોઠવે છે. ઘણી જ બધી પઝલ ભૂલ વગર ગોઠવે છે. દોરીમાં મોતી, સ્ટ્રો વગેરેને પોરવી શકે છે. સારી રીતે કલરિંગની પ્રવૃત્તિ કરી શકે છે જોકે લીટીની બહાર રંગ ન જાય, તેના માટે પ્રયત્નો શરૂ છે. હાથનું હલન-ચલન યોગ્ય રીતે થાય છે. ખાસ કરીને લેખન પ્રવૃત્તિ સમયે, તેમજ લેખન કાર્યની ક્ષમતામાં વધારો થયો છે. 1 થી 10 અને A થી Z ઘૂંટી શકે છે. |

| | | |
|---|---|---|
| બૌધ્ધિક સંકલ્પના શક્તિ કૌશલ્ય | તે સતત પણે રંગ, આકાર, પાલતું પ્રાણીઓ, સામાન્ય વસ્તુઓને દર્શાવી શકતો ન હતો. રોજિંદા ઉપયોગની વસ્તુઓ અંગે જોડ (ઓળખ) બનાવી શકતો ન હતો. મૂળાક્ષરો- અંકો ને દર્શાવી શકતો ન હતો. | હવે તે મુખ્ય રંગો, આકારો, સામાન્ય ચીજ વસ્તુઓ, ક્રિયાઓ અને પ્રતિક્રિયાઓ અંગે પૂછવામાં આવે ત્યારે, પ્રતિ ઉત્તર આપવાનો પ્રયાસ કરે છે. વસ્તુઓને ઓળખી જોડ બનાવી શકે છે. જેમકે મોટું-નાનું, ખુશી-દુઃખી વગેરે... |
| સામાજીક આદાન- પ્રદાન અને રમતનું કૌશલ્ય | વાતચીત દરમિયાન આંખ મિલાવી શકતો ન હતો, અન્ય સાથે હળવા-મળવામાં ખૂબ જ ઓછો રસ દાખવતો હતો. સ્વ કેન્દ્રિત રમતોમાં મગ્ન રહેતો. મોઢાના હાવભાવ સમજવામાં મુશ્કેલી પડતી, તેમજ પોતાની વાત રજૂ કરવામાં મુશ્કેલી પડતી. | આંખ મિલાવીને પ્રવૃત્તિ કરવા લાગ્યો. સૂચનો અનુસરવા લાગ્યો. થેરાપિસ્ટ સાથે હળી-મળી સારી રીતે પ્રવૃત્તિઓ કરે છે. દરેક શિક્ષકને નામથી ઓળખે છે. યોગ્ય રીતે અભિવાદીત કરે છે. ચહેરાના હાવભાવ સમજે છે અને સુચન મુજબ અનુસરે છે. જૂથકાર્યમાં અધ્યયન પ્રવૃત્તિમાં ભાગ લે છે. રાહ જોવાની અને યોગ્ય વારાની રાહ જોતા શીખ્યો છે. સાથી વિધાર્થીઓ અને ગૃપના સભ્યો વચ્ચે વાતચીતનું આદાન-પ્રદાન વધ્યું છે. |

**સારાંશ :-** આમ, સર્વગ્રાહી રીતે માસ્ટર ખુશાલમાં ઘણોજ સુધારો છે. ઉપરોક્ત કૌશલ્યોમાં વાલી દ્વારા પણ સુધારાની જાણ થઈ છે, જે શાળાને આભારી છે.

# ટિચર્સ ટ્રેનિંગ કોલેજ (મલ્ટિપલ ડિસેબિલિટી)
## 'વર્લ્ડ મેન્ટલ હેલ્થ ડે' ની ઉજવણી

બીનાબેન જાની





નટરાજ કોલેજ ખાતે તા. ૧૦-૧૦ ના રોજ 'વર્લ્ડ મેન્ટલ હેલ્થ ડે-૨૦૨૫', કોર્સ-કો-ઓર્ડિનેટર શ્રી બીનાબેન મકવાણા તથા ઇન્ટરનલ ફેકલ્ટી શ્રી દિવ્યાબેન પટોરિયાના માર્ગદર્શન અને સંચાલન નીચે કોલેજના નટરાજ ઓડિટોરિયમમાં વાલીઓ, તથા D.S.E. MD ના 1st year & 2nd year ના તાલીમાર્થીઓ દ્વારા ઉજવવામાં આવેલ. જેમાં શ્રી દિવ્યાબેન પટોરિયાએ 'મેન્ટલ હેલ્થ ડે' વિશે પેપર પ્રેઝન્ટેશન કરી જાણકારી આપેલ. ટ્રેનિંગ સ્ટુડન્ટને માર્ગદર્શન, ઇન્ચાર્જ પ્રિન્સિપાલ શ્રી જીજ્ઞાબેન સોલંકી દ્વારા અપાયું હતું. આ પ્રસંગે સંસ્થાના માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ દ્વારા 'મેન્ટલ હેલ્થ ડે' વિશે માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત વિડીયો દ્વારા ઉપસ્થિત દરેક વ્યક્તિને રોજીંદા જીવનમાં તણાવમુક્ત કેવી રીતે રહી શકાય ? તે અંગે વિગતો આપવામાં આવી હતી. આ રીતે 'વર્લ્ડ મેન્ટલ હેલ્થ ડે' ની વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા ટિચર્સ ટ્રેનિંગ કોલેજ (M.D.) માં ઉજવણી કરવામાં આવી હતી.




# કે. એન. શાહ
# 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ

ધીરુભાઈ ધંધુકિયા



**' ઇન્ટરનેશનલ રંગોત્સવ સ્પર્ધાના ઇનામ વિતરણ કાર્યક્રમ' ની ઉજવણી :**

સ્કૂલમાં તા. 23-9 ના રોજ, 'ઇન્ટરનેશનલ રંગોત્સવ સ્પર્ધાના ઇનામ વિતરણ કાર્યક્રમ' યોજવામાં આવેલ. આ કાર્યક્રમમાં સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ, ચેરમેનશ્રી ધંધુકિયા સાહેબ, માનદ્ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ, ટ્રેઝરર શ્રી રાખશિયા સાહેબ, ટ્રસ્ટીશ્રી પ્રદીપભાઈ, શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડ્યા, શિક્ષકશ્રીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેલ. કાર્યક્રમની શરૂઆતમાં ટ્રસ્ટીશ્રીઓનું શાબ્દિક સ્વાગત કરવામાં આવેલ. ત્યારબાદ રંગોત્સવ સ્પર્ધામાં કુલ 168 વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ, તેમાં 5 1 વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ/મેડલ અને ઇન્ટરનેશનલ કક્ષાનો ઇન્વિટેશન લેટર આપી સમ્માનિત કરવામાં આવ્યાં હતાં, જેમાં નોર્મલ વિદ્યાર્થીઓની સાથે દિવ્યાંગ વિદ્યાર્થીઓને પણ સમ્માનિત કરેલ. એ પછી શાળાને શિલ્ડ, આર્ટ ટીચરને શિલ્ડ અને કલા ગુરુને ઇનામ ટ્રસ્ટીશ્રીઓના હસ્તે આપી સમ્માનિત કરેલ. ચેરમેનશ્રી ધંધુકિયા સાહેબે પ્રસંગોચિત ઉદબોધન કરેલ. શ્રી પારસભાઇ શાહે જણાવેલ કે, 'પાંચ દિવ્યાંગ અને પાંચ નોર્મલ વિદ્યાર્થીઓની ઇન્ટરનેશનલ લેવલની સ્પર્ધાની ફી સંસ્થા તરફથી ભરવામાં આવશે.' જે શાળા માટે ખૂબ ગૌરવની વાત છે. આ કાર્યક્રમનું સંચાલન તેજસ્વીનીબા ગોહિલ, તેમજ સમગ્ર સ્ટાફ મિત્રો દ્વારા કરવામાં આવ્યું હતું.

**'એક પેડ માં કે નામ' :**

સ્કૂલમાં તા. 24-9 ના રોજ 'એક પેડ માં કે નામ' ઉજવણી ખૂબ જ હર્ષોલ્લાસથી યોજાઈ હતી. આ કાર્યક્રમનું આયોજન પર્યાવરણ સંરક્ષણને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું હતું. વૃક્ષો વગર માનવજીવન અધૂરું છે. તેઓ પ્રાણવાયુ આપે છે, છાંયો આપે છે અને પ્રકૃતિને સંતુલિત રાખે છે. ધોરણ:-5 થી 8 ના વિદ્યાર્થીઓને ગુલાબ, પારિજાત, કરંજ, નીલગીરી,બારમાસી વગેરે જેવા એક-એક છોડ આપી અને તેની સંભાળ લેવાનો વિદ્યાર્થીઓને સંકલ્પ લેવડાવેલ. અંતમાં વિદ્યાર્થીઓએ વચન આપ્યું કે, 'તેઓ ઘરે, સમાજમાં અને ગામમાં વધુમાં વધુ વૃક્ષો વાવશે અને તેની સંભાળ લેશે.'

**'થાળી ડેકોરેશન' સ્પર્ધા:**



સ્કૂલમાં દર વર્ષે ધાર્મિક તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો ઉજવવાની અનોખી પરંપરા છે. આ વર્ષે નવરાત્રી પર્વને અવસરે તા. 25/09 ના રોજ શાળામાં 'થાળી ડેકોરેશન' સ્પર્ધા યોજવામાં આવી હતી. સ્પર્ધામાં બાલમંદિર તેમજ ધો. 1 થી 12 ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. દરેક વિદ્યાર્થીઓએ પોતાની સર્જનાત્મકતા, કળા અને નવરાત્રીના રંગોને વ્યક્ત કરતી સુંદર થાળીઓ સજાવી હતી. રંગોળી, ફૂલોનો દીવો, ગોટા-ઝાંઝરી તથા પરંપરાગત સામગ્રી વડે તૈયાર કરેલી થાળીઓએ સૌનું મન મોહી લીધું. ન્યાયાધીશ મંડળે સ્વચ્છતા, સર્જનાત્મકતા, રંગોની પસંદગી અને વિષય સાથેની સુસંગતતા જેવા માપદંડોને આધારે થાળીઓનું મૂલ્યાંકન કર્યું. શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને પુરસ્કાર આપવામાં આવ્યાં હતાં

**'નવરાત્રી પર્વની ભવ્ય ઉજવણી' :**

પી.એન.આર સોસાયટી સંચાલિત કે. એન. શાહ હાઈટેક ઇન્ક્લુસિવ સ્કૂલ અને સી. પી સ્કૂલના સંયુક્ત કાર્યક્રમ ઉપક્રમે તા. 26-9 ના રોજ "નવરાત્રી પર્વની" ભવ્ય ઉજવણી કરવામાં આવેલ. આ પર્વ માત્ર ધાર્મિક જ નહીં, પરંતુ સાંસ્કૃતિક અને સામાજિક એકતા જાળવનાર તહેવાર છે. આ અવસરે શાળાનું પટ્ટાંગણ રંગીન લાઇટિંગ અને માતાજીના સજાવટ કરેલા મંચથી સુશોભિત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય



મહેમાન તરીકે ભાવનગર જિલ્લાના કલેક્ટરશ્રી મનીષકુમાર બંસલ અને તેમના ધર્મપત્ની ઉપસ્થિત રહ્યાં હતાં. તેમજ શાળાના ટ્રસ્ટીશ્રીઓ, બંને શાળાના આચાર્યશ્રીઓ, બંને શાળાના શિક્ષકશ્રીઓ, વાલીશ્રીઓ, તેમજ બંને શાળાના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમની શરૂઆત માતાજીની આરતી અને વંદન સાથે કરવામાં આવી હતી. એ પછી વિદ્યાર્થીઓ દ્વારા રાસ ગરબા રજૂ કરવામાં આવેલ. નવરાત્રી પર્વ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ જેમકે, ટ્રેડિશનલ ડ્રેસ, રાસ ગરબા, થાળી ડેકોરેશન જેવી સ્પર્ધાઓ યોજવામાં આવેલ. આ સ્પર્ધામાં શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ. શ્રેષ્ઠ પ્રદર્શન કરનારને 1 થી 3 ક્રમાંક આપી તેઓને ઇનામ આપી સમ્માનિત કરવામાં આવેલ. તેમજ સ્પર્ધામાં ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત ઇનામ આપેલ. અંતે દરેક લોકોને આઇસ્ક્રીમ,સમોસા અને ભાજીકોનનો નાસ્તો વિતરણ કરવામાં આવેલ. આ સમગ્ર કાર્યક્રમ નું આયોજન PNR સંસ્થા દ્વારા કરવામાં આવ્યું હતું.

**ફાયર સેફ્ટી જાગૃતિ કાર્યક્રમ :**



સ્કૂલમાં તા. ૨૬-૯ ના રોજ, "ફાયર સેફ્ટી" વિષયક એક જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફને આગ જેવી અચાનક આપત્તિ સમયે પોતાનું તથા અન્યોનું રક્ષણ કેવી રીતે કરવું તેનું યોગ્ય માર્ગદર્શન આપવાનો હતો. કાર્યક્રમની શરૂઆતમાં અગ્નિશામક વિભાગના અધિકારીઓએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું. જેમાં આગના વિવિધ પ્રકારોની વિગતવાર સમજણ આપી અને આગ બુઝાવવાના અગ્નિશામક યંત્રો તથા સાધનોના ઉપયોગનું પ્રદર્શન કર્યું. ખાસ કરીને ફાયર એક્સ્ટિંગ્વિશર કેવી રીતે ચલાવવો ?, ક્યારે કઈ પદ્ધતિ અપનાવવી ? તથા આગ ફેલાતી અટકાવવા કઈ તકેદારી રાખવી ? તેની સરળ ભાષામાં સમજણ આપી. આ ઉપરાંત, આપત્તિના સમયે ગભરાશો નહીં, પણ શાંતિપૂર્વક બહાર નીકળવાની પદ્ધતિ, સુરક્ષિત જગ્યા સુધી પહોંચવાની રીતો અને “Stop, Drop and Roll” પદ્ધતિનો પ્રાયોગિક અભ્યાસ પણ કરાવવામાં આવ્યો. વિદ્યાર્થીઓએ પણ આગ બુઝાવવાના સાધનોનો ઉપયોગ કઈ રીતે કરવો? તેનો અનુભવ મેળવ્યો હતો.

**'રંગોળી સ્પર્ધા' :**



સ્કૂલમાં તા. ૧૩-૧૦ ના રોજ રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં ધો. ૫ થી ૮ ના વિદ્યાર્થીઓએ કલાત્મક રંગોળી બનાવેલ. દરેક બાળકોમાં રહેલી તેમની કલાને સ્કૂલના ચેરમેનશ્રી ધંધુકિયા સાહેબ અને તેમના ધર્મપત્ની શ્રીમતી શશીકલા મેડમે બીરદાવેલ, સાથે નવા વર્ષની દરેકને શુભેચ્છા પાઠવી હતી.

**આનંદદાયી શનિવાર-9 'બેગલેસ ડે' ની ઉજવણી :**

સ્કૂલમાં તા. ૨૭-૯ ના રોજ, સરકારશ્રીના આદેશ મુજબ આનંદદાયી શનિવાર-9 'બેગલેસ ડે' ની ઉજવણી

કરવામાં આવેલ. બાલમંદિર તેમજ ધો. 1 થી 8 ના વિદ્યાર્થીઓને સૌપ્રથમ હળવી કસરત, સૂર્યનમસ્કાર તેમજ અલગ-અલગ યોગ કરાવવામાં આવેલ. ત્યારબાદ બાળકોને ઉભી ખો, રૂમાલ દાવ, પરફેક્ટ સર્કલ, જેવી અલગ-અલગ રમતો રમાડેલ. રમત કેળવણીનું અભિન્ન અંગ છે અને બાળ વિકાસને ગતિ આપતી કડી છે.

**રાષ્ટ્રીય પોષણ માહ - 2025 ની ઉજવણી :**

સ્કૂલમાં તા. ૨૫-૯ ના રોજ, રાષ્ટ્રીય પોષણ માહ-૨૦૨૫ અંતર્ગત પ્રારંભિક બાળ સંભાળ, શિક્ષણ અને 'પોષણ ભી, પઢાઈ ભી' અંગે જાગૃતિ ફેલાવવા માટે ખાસ કાર્યક્રમનું આયોજન કરેલ. તા. ૨૬-૯ ના રોજ 'એક પેડ મા કે નામ' અંતર્ગત 'વૃક્ષારોપણ કાર્યક્રમ'નું આયોજન કરેલ. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં વૃક્ષો પ્રત્યે પ્રેમ, સંવેદના અને પર્યાવરણ પ્રત્યે જવાબદારી ફેલાવવાનો હતો. તા. ૨૭-૯ ના રોજ સ્થુળતા અંગે જાગૃતિ ફેલાવવા માટે વિશેષ કાર્યક્રમનું આયોજન કરેલ. આ કાર્યક્રમ દરમિયાન શિક્ષકશ્રી દક્ષાબેન પંડ્યા દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું કે, 'શરીરમાં ખાંડનું વધારે પ્રમાણ ચરબીમાં ફેરવાઈ જાય છે. જેનાથી હૃદય રોગનું પ્રમાણ પણ વધે છે.' તા. ૨૯-૯ ના રોજ ધો. ૯ થી 12 ના વિદ્યાર્થીઓને ક્લિનિકલ ડાયેટિશ્યન સલોનીબેન ચૌહણ દ્વારા સ્વસ્થ જીવનશૈલી અપનાવવા શું કરવું ? તેની માહિતી આપવામાં આવું હતી.

નોંધ : આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડ્યાનાં માર્ગદર્શન હેઠળ તમામ શિક્ષકગણ દ્વારા કરવામાં આવેલ.



# પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર



✍ જીજ્ઞેશ પારેખ

**પ્લાસ્ટિક સર્જરી ૨૦૨૫-૨૬ :**

સપ્ટેમ્બર–ઓક્ટોબર ૨૦૨૫માં કોન્જેનિટલ ડિફોરમિટી પ્રોજેક્ટ અન્વયે, પ્લાસ્ટિક સર્જરી કેમ્પનું આયોજન PNR હોસ્પિટલમાં, ઈમ્પેક્ટ ફાઉન્ડેશન યુ. કે. ના આર્થિક સહયોગથી કરવામાં આવ્યું હતું. જેમાં જન્મજાત ખામીવાળા જરૂરિયાતમંદ ૪૨ બાળકોની તપાસ ડો. નરેશ વાધવા (પ્લાસ્ટિક સર્જન) દ્વારા કરવામાં આવી હતી. તે પૈકી ૦૭ કપાયેલાં હોઠ, ૦૩ તાળવામાં કાંણું, ૦૫ હાઇપોસ્પેડિયા ના એમ કુલ ૧૫ ઓપરેશન, મુંબઈના ડો. નરેશ વાધવાએ કરી આપ્યાં હતાં. આ કેમ્પ ડો. નીરવ ધોળકિયા અને ડો. મેહુલ મોદી (એનેસ્થેટિક ડોક્ટર) તથા હોસ્પિટલ સ્ટાફની જહેમતથી સફળતાપૂર્વક કરવામાં આવ્યો હતો.

**Deafness Blindness Prevention Project :**

સંસ્થા દ્વારા પ્રવીણચંદ્ર દલાલ ડિસેબલ્ડ પ્રિવેન્શન સેન્ટરમાં, વર્ષ ૨૦૨૫-૨૬ માં ઇમ્પેક્ટ ફાઉન્ડેશન યુ. કે. ના આર્થિક સહયોગથી શરૂ કર્યો છે આ પ્રોજેક્ટમાં વર્ષ દરમિયાન એક લાખ બાળકોના આંખ અને કાનની પ્રાથમિક તપાસ કરી રિફ્રેક્ટિવ એરરવાળા બાળકોને વિનામૂલ્યે ચશ્મા વિતરણ તેમજ ત્રાંસી આંખ, ઢળેલી પાપણ, બાળ મોતિયો, તેમજ કાનમાં ઈયર ડિસચાર્જવાળા બાળકોને ડોક્ટર દ્વારા નિદાન કરી, તેની સારવાર (સર્જરી) વિનામૂલ્યે કરી આપવામાં આવશે.




સપ્ટેમ્બર–ઓક્ટોબર ૨૦૨૫ દરમિયાન મહુવા તાલુકાની વિવિધ કેન્દ્ર વર્તી શાળાની પ્રાથમિક શાળાઓમાં ૭૯૦૯ બાળકોનું પ્રાઇમરી સ્ક્રિનિંગ કરવામાં આવ્યું. તેમાંથી આંખની રિફ્રેક્ટિવ એરરવાળા ૩૫૨ બાળકો જોવા મળ્યાં હતાં તે પૈકી ૫૬૧ બાળકોને ચશ્મા વિતરણ કરવામાં આવ્યું અને કાનની વિવિધ તકલીફવાળા ૩૦૮ બાળકો જોવા મળ્યાં હતાં. ડો. અશોક બારૈયા, (ઇ.એન.ટી.સર્જન) એ બાળકોને તપાસી, કાનની તકલીફવાળા બાળકોને PNR હોસ્પિટલમાં વધારાની ટ્રીટમેન્ટ માટે ૧૭ બાળકોને રિફર કર્યા, તેમાંથી સંસ્થાની હોસ્પિટલમાં ડો. અશોકભાઇ બારૈયા (ઇ.એન.ટી.સર્જન) એ Tympanoplasty અને Mastoidectomy with Tympanoplasty ની ૦૪ સર્જરી સફળતાપૂર્વક કરી આપવામાં આવી છે.



# પી. એન. આર. હૉસ્પિટલ

✍ મહાસુખભાઈ જકડિયા



**સપ્ટેમ્બર-'૨૫ દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવી છે.**

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | પ્રોસિજર/ઓપરેશન સંખ્યા | |
|---|---|---|---|
| ઓર્થોપેડિક | ૧૫૭ | ૧૦ | ૦૨ |
| આંખ | ૧૪૬૫ | - | ૪૧૬ |
| આંખની છારી | - | ૭૩ | - |
| ઈ.એન.ટી. (કાન-નાક-ગળા) | ૨૦૧ | ૫૯ | ૦૪ |
| ઓર્થોસ્કોપી | ૩૦ | - | - |
| ઓર્થોડેન્ટલ | ૧૭૯ | ૧૭૧ | - |
| જનરલ ઓપીડી | ૭૦૫ | - | - |
| એક્ષ-રે | ૬૬ | - | |
| લેબોરેટરી | ૪૭૦ | ૧૬૩૫ (ટેસ્ટ) | |

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | પ્રોસિજર/ઓપરેશન સંખ્યા |
|---|---|---|
| ચામડી | ૩૦ | - |
| આંખના પડદા | ૮૩ | ૧૦ |
| M. D. ફિઝીશ્યન વિભાગ | ૧૦ | - |
| **પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર** | | |
| પ્લાસ્ટિક સર્જરી | ૧૦ | ૦૭ |
| હેર ઈમ્પ્લાન્ટ | ૧૩ | ૦૨ |
| પીડિયાટ્રિક ડેન્ટલ | ૦૨ | ૦૪ |

**આ માસ દરમિયાન કુલ 4362 દર્દીઓએ સારવારનો લાભ લીધો હતો.**

◈ **આ મહિનામાં સ્વાસ્થ્ય સંજીવની યોજના નીચે 163 લાભાર્થીઓએ રૂ. 13205/- ની સહાય મેળવેલ છે**

◈ **તથા મહાવીર મેડિકલ સહાય નીચે કુલ 20 લાભાર્થીઓએ રૂ. 9710/- ની સહાય મેળવેલ છે.**

## વાર્તાલાપ

PNR હોસ્પિટલ ખાતે સેવા આપતા ક્લિનિકલ ન્યુટ્રિશીનિસ્ટ શ્રી દિશાબેન દેસાઈનો આહાર અને આરોગ્યલક્ષી માર્ગદર્શન અંગેનો વાર્તાલાપ ભાવનગર વૃધ્ધાશ્રમ ખાતે રાખવામાં આવ્યો હતો.

## પ્લાસ્ટિક સર્જરી

સારવાર પહેલાં



PNR હોસ્પિટલ ખાતે, મુંબઈથી આવતા પ્લાસ્ટિક સર્જન ડો. નરેશ વાઘવાએ તા. ૫-૧૦ ૨૦૨૫ ના રોજ ૭ માસની બાળકી સોમાલી દિનેશભાઈ કુકડ (ગામ ધારેશ્વર, તા. રાજુલા) નું કપાયેલ હોઠનું સફળ ઓપરેશન કર્યું હતું.

સારવાર પછી





# દિશા કમ વિકાસ પ્રોજેક્ટ

## દિવ્યાંગો માટે આશા કિરણ...

✍ અમિત મિત્રા



**વોકેશનલ એક્ટિવિટી :**

દિશા કમ વિકાસ પ્રોજેક્ટ દ્વારા બાળકો આર્થિક ઉપાર્જન કરતાં શીખે તે માટે વિવિધ પ્રવૃત્તિઓ અંતર્ગત, સપ્ટેમ્બર માસ દરમ્યાન બાળકોને પ્રિ-વોકેશનલ એક્ટિવિટીમાં બાળકોને દંતમંજનનું પેકિંગ, જુદી જુદી ફ્લેવરના સાબુનુ પેકિંગ, જુદી-જુદી ફ્રેગ્રસ્ન્સના સ્પ્રેની જુદી-જુદી માત્રાની બોટલનું પેકિંગ કરતા શીખવવામાં આવ્યું હતું.

**લોકલ પ્રોજેક્ટ કમિટી મિટીંગ :**

તા. ૨૨-૯ ના રોજ દિશા કમ વિકાસ પ્રોજેક્ટની લોકલ કમિટી મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સી.પી. સ્કૂલ અંતર્ગત એક દિવસીય પ્રવાસનું આયોજન હસ્તગિરી, પાલીતાણા તથા વાંકીયા હનુમાન, આંબલા ખાતે કરવા બાબત, એક દિવસીય નવરાત્રી મહોત્સવની ઉજવણી, સી.પી. દિવસની ઉજવણી અને ફિઝયોથેરાપી વિશે માર્ગદર્શન આપવા બાબત માહિતી આપી, જેમાં 32 વાલી હાજર રહ્યાં હતાં.

**નવરાત્રી સેલિબ્રેશન :**

તા. ૨૭-૯ ના રોજ નવરાત્રી સેલિબ્રેશન કર્યુ હતુ જેમાં બાળકો માટે વિવિધ કોમ્પિટીશન રાખેલ તથા ખુબજ આનંદભેર સી.પી. સ્કૂલ તથા પ્રોજેકટના બાળકો અને તેમના વાલીઓએ ઉત્સાહભેર ગરબા રમી નવરાત્રિની ઉજવણી કરી હતી.

**સી.પી. ડે સેલિબ્રેશન :**

તા. ૬-૧૧ ના રોજ સી.પી. ડે ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં દિશા કમ વિકાસ પ્રોજેક્ટના વિધાર્થીઓને ડાયેટ કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું અને સી.પી. વિશેની માહિતી શિક્ષકો અને ટ્રેનિંગ કોલેજના વિધાર્થીઓએ પેપર પ્રેઝન્ટેશન દ્વારા આપી હતી.

**ફિઝિયોથેરાપી સેમિનાર :**

તા. ૧૫-૧૧ ના રોજ ફિઝિયોથેરાપી માટેનો સેમિનારનું આયોજન ડૉ. કૃણાલ મિસ્ત્રી દ્વારા વાલીઓને માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય વિશે માહિતગાર કરવામાં આવ્યાં હતાં.



# અંબા સી.પી. હોસ્ટેલ

## સપ્ટેમ્બર-ઓક્ટોબર-૨૦૨૫

✍ લાલજી પંડયા



**નીચેના મહાનુભાવોએ હોસ્ટેલના બાળકોને પોતાના પરિવારના સભ્યોના જન્મદિન, મેરેજ એનિવર્સરી કે દિવંગત સ્નેહીની તિથિ નિમિત્તે ભોજન / નાસ્તો કરાવ્યો હતો.**

### ભોજન / મિષ્ટાન

- તા. ૧૭-૯ ના રોજ શ્રી અનંતરાય ભટ્ટ...
- તા. ૧૮-૯ ના રોજ શ્રી સતિષભાઈ ઘેવરિયા...
- તા. ૨૦-૯ ના રોજ શ્રી જગતસિંહ ઘટવાલ...
- તા. ૨૦-૯ ના રોજ શ્રી શ્રીકેતાબેન બારૈયા...
- તા. ૨૧-૯ ના રોજ શ્રી હાર્દિકભાઈ ત્રિવેદી...
- તા. ૨૧-૯ ના રોજ શ્રી હિરલબેન મહેતા...
- તા. ૨૪-૯ ના રોજ શ્રી મકસુદભાઈ મિરઝા...
- તા. ૨૭-૯ ના રોજ શ્રી મનિષભાઈ મોરડિયા...
- તા. ૦૨-૧૦ ના રોજ શ્રી પિહુ ઝફડિયા...
- તા. ૦૫-૧૦ ના રોજ શ્રી જેનિલભાઈ ગોહિલ...
- તા. ૦૭-૧૦ ના રોજ શ્રી સિધ્ધાર્થભાઈ ગોહિલ...
- તા. ૦૭-૧૦ ના રોજ શ્રી અજયસિંહ ગોહિલ...
- તા. ૦૮-૧૦ ના રોજ શ્રી અમિતભાઈ હરસોરા...
- તા. ૧૨-૧૦ ના રોજ શ્રી દેવાંશીબેન પંડયા...

### નાસ્તો

- તા. ૧૭-૯ ના રોજ શ્રી કાનભા જાડેજા...
- તા. ૧૭-૯ ના રોજ શ્રી અમિતભાઈ શાહ...
- તા. ૧૮-૯ ના રોજ શ્રી કલ્યાણીબેન ગાંધી...
- તા. ૧૯-૯ ના રોજ શ્રી ધીરજબા ગોહિલ...
- તા. ૨૦-૯ ના રોજ શ્રી હરેશભાઈ ઠક્કર...
- તા. ૨૧-૯ ના રોજ શ્રી નિલેશભાઈ પંડયા...
- તા. ૨૨-૯ ના રોજ શ્રી વર્ષાબેન ભટ્ટ...

- તા. ૨૨-૯ ના રોજ શ્રી જીલુભા જાડેજા...
- તા. ૨૩-૯ ના રોજ શ્રી ગીતાબેન...
- તા. ૨૩-૯ ના રોજ શ્રી અજયસિંહ ઝાલા...
- તા. ૨૪-૯ ના રોજ શ્રી કરણસિંહ જાડેજા...
- તા. ૨૪-૯ ના રોજ શ્રી પ્રદિપભાઈ ગોહિલ...
- તા. ૨૫-૯ ના રોજ શ્રી રાજુભાઈ ઠક્કર...
- તા. ૨૬-૯ ના રોજ શ્રી દિવ્ય હર્ષદભાઈ પટેલ...
- તા. ૨૭-૯ ના રોજ શ્રી રવિભાઈ બારડ...
- તા. ૦૫-૧૦ ના રોજ શ્રી રમાબેન શામળદાસ ગોંડલિયા...
- તા. ૧૦-૧૦ ના રોજ શ્રી એક શુભેચ્છક...
- તા. ૧૧-૧૦ ના રોજ શ્રી એક શુભેચ્છક...

તિથિ ભોજન : તા. ૦૮-૧૦ ના રોજ નટરાજ સી. પી. સ્કૂલના મદદનિશ શિક્ષક શ્રી તૃપ્તિબેન મહેતાના પિતાશ્રીની પૂણ્યતિથિ નિમિતે, નટરાજ સી.પી. સ્કૂલ તથા પ્રોજેક્ટના તમામ દિવ્યાંગ બાળકોને મિષ્ટાન સાથે જમાડવામાં આવ્યાં હતાં, જેમાં દિવ્યાંગ બાળકોએ આનંદપૂર્વક સ્વરૂચી ભોજનનો આસ્વાદ માણ્યો હતો.





# શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા (પ્રાથમિક વિભાગ)



ગજાનંદ ભટ્ટ

## નવરાત્રિ મહોત્સવ :




શ્રી ખીમચંદ લક્ષ્મીચંદ બેહરા મૂંગા શાળા ટ્રસ્ટ દ્વારા, છેલ્લાં ચાર વર્ષથી શાળાના શ્રવણમંદ બાળકો માટે ખાસ નિ:શુલ્ક નવરાત્રિ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ પ્રાથમિક,માધ્યમિક તેમજ ટીચર ટ્રેનિંગ કોલેજના સંયુક્ત ઉપક્રમે, શ્રીમતી ચંદાબેન મોહનભાઈ પટેલ છાત્રાલયના પટાંગણમાં તારીખ ૨૨ /૯ /૨૫ થી તારીખ ૨૪ /૯ /૨૫ એમ ત્રણ દિવસ નવરાત્રિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં પ્રથમ દિવસે માતાજીની આરતી અને ગરબાનું સ્થાપન કરીને સંગીતના તાલે, જે ગીત સંગીત સાંભળી શકતા નથી તેવા શ્રવણંદ બાળકો અનેરા ઉત્સાહ,થનગનાટ અને તરવરાટ સાથે, મા નવ દુર્ગાના નોરતાની મોજ માણી હતી. છેલ્લે દિવસે તમામ બાળકોને અને સ્ટાફને પાઉંભાજી અને કોલ્ડ્રીંક્સનો નાસ્તો કરાવવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમના બીજા દિવસે જિલ્લાના કલેક્ટર ડોક્ટર મનીષકુમાર બંસલ સાહેબ અને તેમના ધર્મપત્ની સાથે પધાર્યા હતા. તેઓએ શ્રી ચંદાબેન મોહનભાઈ પટેલ છાત્રાલયની મુલાકાત કરી અને ત્યાંની વ્યવસ્થાના વખાણ કર્યા હતા. અને તેઓ બાળકો અને ઉપસ્થિત ટ્રસ્ટીગણ તેમજ સ્ટાફ સાથે ગરબા રમ્યાં હતાં. છેલ્લે તમામ બાળકો અને સ્ટાફને લાઈવ ઢોકળા અને આઈસ્ક્રીમનો નાસ્તો કરાવવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમના ત્રીજા દિવસે ભાવનગર જિલ્લાના ધારાસભ્ય શ્રી સેજલબેન પંડ્યા પધાર્યા હતા. તેઓએ માતાજીની આરતી કરી, સંગીતના તાલે જેઓ ગીત સંગીત સાંભળી શકતા નથી, તેવા શ્રવણમંદ બાળકો સાથે અનેરા ઉત્સાહ થનગનાટ અને તરવરાટ સાથે મા નવદુર્ગાના નોરતાની મોજ માણી હતી.

ઉપર મુજબના ત્રણેય દિવસના કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહ, ઉપપ્રમુખશ્રી મહાસુખભાઈ ઝકડિયા, માનદ મંત્રીશ્રી ડો. અશ્વિનભાઈ પંડ્યા, સહમંત્રી શ્રી અમિતભાઈ શાહ, ખજાનચી શ્રી જીતુભાઈ શાહ, શ્રી કિરીટભાઈ રાઠોડ, શ્રી મિતાબેન ઓઝા તેમજ આમંત્રિત મહેમાનો અને કર્મચારી ગણ ઉપસ્થિત રહ્યાં હતાં. છેલ્લા દિવસે દરેક બાળકોને પ્રોત્સાહક ગિફ્ટ આપવામાં આવી હતી.

## પ્રકૃતિ શિક્ષણ શિબિર પાંડેરિયા :

કુદરતની લીલોતપ્તિથી આચ્છાદિત, શેત્રુંજય પર્વતને સ્પર્શતી શેત્રુંજી નદીના કિનારા પર, સરકારશ્રી દ્વારા વિકસાવવામાં આવેલ, તેમજ અદભુત પ્રાકૃતિક સૌંદર્યનો સંપુટ અને વન્યજીવોના વસવાટથી બાળકોને ખૂબ જ પ્યારું લાગતું સ્થળ એટલે પાંડેરિયા.

તારીખ ૨૫/૯/૨૫ને શુક્રવારના રોજ શ્રી ખી.લ બહેરા

મૂંગા શાળા ટ્રસ્ટ સંચાલિત, પ્રાથમિક શાળામા અભ્યાસ કરતા 46 શ્રવણમંદ બાળકો અને ચાર શિક્ષકો પાંડેરિયા પ્રકૃતિ શિક્ષણ શિબિરમાં ભાગ લેવા ગયા હતાં. જ્યાં બાળકોને સિંહ, શિયાળ,લોમડી, સાપ, ઝરખ અને નીલગાય વિશે સમજ આપવામાં આવી. આ ઉપરાંત પાંડેરિયાના રિસેપ્શન હોલમાં સાપના વિવિધ પ્રકારો વિશે એલસીડી માં વિડીયો બતાવીને, બાળકોને ચાર પ્રકારના ઝેરી સાપ વિશે માહિતી આપવામાં આવી. અને તેનાથી બચવા માટેના ઉપાયો સમજાવવામાં આવ્યાં. તેમજ કોઈપણ અંધશ્રદ્ધામાં અટવાવું નહીં, તેવી સમજ આપવામાં આવી. પાંડેરિયા સ્થળ વિશેની સંપૂર્ણ માહિતી વન મિત્ર શ્રી જયેશભાઈએ આપી. આ ઉપરાંત શ્રવણમંદ બાળકોને સિંહ જોવાની તાલાવેલી જોઈએ તેઓને તાજ્જુબ થયું કે અહીં આવનાર સામાન્ય શાળાના બાળકોને પણ આટલી ઉત્કટ્તા હોતી નથી.ત્યાં બાળકોને ૧૨ જેટલાં સિંહનો પરિવાર જોવા મળ્યો. જે આગળની ૪૦ જેટલી શિબિરમાંથી કોઈને જોવા મળ્યો નહોતો. અંતમાં દરેક બાળકોને શિબિરમાં ભાગ લેવા બદલ પ્રમાણપત્ર આપવામાં આવેલ. રાત્રે ૯:30 વાગ્યે બધા પરત ફર્યા હતા. દરેક બાળકો અને સાથે જનાર શિક્ષકોને આ શિબિર ખુબજ જ્ઞાનપ્રદ, તેમજ યાદગાર બની રહી હતી.

**સ્વચ્છતા ઉત્સવ :**



શાળામાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ ચાલતા સમાજ સુરક્ષા ખાતા દ્વારા તારીખ 26/ 9 /25 થી તારીખ 2/ 10 /25 સુધી સ્વચ્છતા ઉત્સવ કાર્યક્રમ અંતર્ગત કમ્પાઉન્ડની અને દિવાલની સ્વચ્છતા કરવામાં આવી. તમામ બાળકો અને શિક્ષકોએ આ કાર્યક્રમમાં ખૂબ રસ દાખવી અને ઉમદા કામગીરી કરી હતી. વિદ્યાર્થીઓને પણ આ કાર્ય કરવાની ખૂબ મજા આવી.

**નશા મુકત ભારત અભિયાન :**

પ્રાથમિક શાળામાં નશામુક્ત ભારત અભિયાન વિશે સંસ્થાના પ્રાર્થના રૂમમાં બાળકોને ચાર્ટ ચિત્રની મદદથી નશામુક્ત ભારત વિશે સમજ આપવામાં આવી. તેમજ નશા મુક્તિ વિશેના શપથ લેવડાવવામાં આવ્યાં. આ અભિયાનની સમજ, પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી ફાલ્ગુનીબેન ખાટસુરિયા, તેમજ મદદનીશ



શિક્ષક શ્રી કવિતાબેન શાહે આપી હતી. વિદ્યાર્થી તેમજ શિક્ષકોએ, "હું ક્યારેય નશો કરીશ નહીં,અને મારા પરિવાર અને સમાજને નશો કરવા દઈશ નહીં." એવા શપથ લીધા હતી.

**સરોવર પોર્ટિકા હોટલ દ્વારા રંગપુરણી સ્પર્ધા નું આયોજન :**

આ રંગપુરણી સ્પર્ધા ની અંદર શાળાના ધોરણ 1 થી 5 ના કુલ 20 બાળકો એ ભાગ લીધો હતો. સરોવર પોર્ટીકો દ્વારા આ સ્પર્ધામાં ભાગ લેવા આવેલા બાળકોને લઈ જવા અને લાવવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. ત્યાં ચિત્ર સ્પર્ધામાં બાળકોને રંગ અને કાગળ આપવામાં આવ્યાં હતાં. આ સ્પર્ધામાં કુલ આઠ બાળકો આશિષ, મિતલ, આમેનુર, માનસી, પ્રિન્સ,ધર્મિષ્ઠા, ધાર્મિ અને જયદીપને ઇનામ મળ્યાં હતાં. આ બાળકોને સંસ્થાના ચિત્ર શિક્ષક શ્રી પ્રશાંતભાઇ દેવમુરારીએ માર્ગદર્શન આપ્યું હતું.

**ગાંધી જયંતી નિમિત્તે, સ્વચ્છ ભારત ચિત્ર સ્પર્ધા :**



આ ચિત્ર સ્પર્ધામાં શાળાના ધોરણ પાંચમાં અભ્યાસ કરતા ૨૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્વચ્છતા અભિયાન ચિત્ર સ્પર્ધા ની અંદર બાળકોએ કેલિગ્રાફી લેખન સાથે સૂત્રો પણ લખ્યાં હતાં. જેમાં 'સ્વચ્છ ભારત, સ્વચ્છ ગુજરાત' અને 'વંદે માતરમ્' જેવા સૂત્રોનો સમાવેશ થાય છે. આ ચિત્ર સ્પર્ધાને સફળ બનાવવા માટે સંસ્થાના ચિત્ર શિક્ષક શ્રી પ્રશાંતભાઈએ ભારે જહેમત ઉઠાવી.

## અગ્નિશામક સાધનોનું નિદર્શન અને જાણકારી :



પીએનઆર સોસાયટી સંચાલિત, નટરાજ કોલેજમાં અગ્નિશામક સાધનોનું નિદર્શન અને જાણકારી વિશે એક મોકડ્રિલનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અગ્નિશામક વિભાગના અધિકારીઓ, અગ્નિશામક સાધનો અને પાણીના ટેન્ક સાથે ઉપસ્થિત રહ્યાં હતાં. અને એ, બી અને સી ટાઈપના અગ્નિશામકોનું પ્રત્યક્ષ નિદર્શન કરાવ્યું હતું આ મોકડ્રિલમાં અંકુર મંદબુદ્ધિ બાળકોની શાળા, શ્રી ખી લ બહેરા મૂંગા શાળા અને મગજના લકવા વાળા બાળકોની શાળાના બાળકો અને કર્મવીરો હાજર રહ્યાં હતાં. આ ઉપરાંત સમાજ સુરક્ષા ખાતાના પ્રતિનિધિ તરીકે અધિકારીગણ ઉપસ્થિત રહ્યાં હતાં.



# શ્રીમતી મહાલક્ષ્મીબેન અને શ્રી જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉ. મા. શાળા

ધ્રુવીબેન ચાવડા



## B.P.T.I. ખાતે IT ડિપાર્ટમેન્ટની વિઝિટ :



શાળાના ધો. ૧૦ ના કુલ ૪૦ વિદ્યાર્થીઓએ તા.૧૩-૧૦ ના રોજ વોકેશનલ કોર્સ IT lit અનુસંધાને ભાવનગરની B.P.T.I. કોલેજમાં IT ડિપાર્ટમેન્ટની વિઝીટ કરી હતી. જેમાં એન્જિનિયરીંગને લગતા ભાઈઓ માટે અને બહેનો માટે કાર્યરત અલગ-અલગ કોર્સ, પ્રવેશ, પ્રવેશ માટેની લાયકાત, નોકરીની તકો વગેરે અંગે ત્યાંના HOD શ્રી પાંડે સર તથા પ્રાધ્યાપકશ્રી વાળા સાહેબે તથા ઇલેક્ટ્રિક ડિપાર્ટમેન્ટમાં કાર્યરત એવા પલ્લવીબેને ખૂબ સરસ માર્ગદર્શન પૂરું પાડયું હતું.

HOD શ્રી પાંડે સર તથા વાળા સાહેબ દ્વારા, મૂકબધિર દિવ્યાંગ બાળકોને વિવિધ કોર્સ અને IT ની જરૂરિયાત અંગે ખૂબ જ હળવી શૈલીમાં માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં ધો. 10 ના વિદ્યાર્થીઓએ વિવિધ પ્રશ્નોત્તરી કરી અને સમજ મેળવી હતી.

શાળા શિક્ષક શ્રી હિતેષભાઈ વ્યાસે B.P.T.I. હેડ શ્રી પાંડે સર તથા શ્રી વાળા સાહેબનો સંસ્થા વતી આભાર માન્યો હતો. શ્રી ધ્રુવીબેન ચાવડાએ સમગ્ર વિઝીટ અને વાળા સાહેબના વક્તવ્યમાં ઇન્ટરપ્રિટર તરીકે ફરજ કાર્ય કરેલ અને શ્રી હાર્દિકભાઈ આકરૂવાલાએ વિધાર્થીઓ સાથે સંકલન કર્યું હતું. જ્યારે મુલાકાત અને મંજૂરી કાર્ય શિક્ષક શ્રી જ્યોતિબેન ભટ્ટીએ કર્યું હતું. જ્ઞાનવર્ધક મુલાકાત બદલ સંસ્થાના માનદ્ મંત્રી શ્રી ડો. અશ્વિનભાઈ પંડયા અને શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેએ અભિનંદન પાઠવ્યાં હતાં.

## શ્રી જયંત શાહ એવોર્ડ' :



જેમાં ધો. ૧૦ માં પ્રથમ આવેલ કન્યા અને કુમારને શ્રી જયંત શાહ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. આ અંતર્ગત ધો. ૧૦માં ૭૭.૪% સાથે પ્રથમ આવેલ કન્યા, બારૈયા હિરલ વિક્રમભાઈને શાળાના ઉપપ્રમુખ શ્રી મહાસુખભાઈ જકડિયા તથા દાતા શ્રી પ્રકાશભાઈ ડેલીવાળાના હસ્તે મોમેન્ટો, સન્માનપત્રક તથા રૂ. ૧૫૦૦ /-નું રોકડ પુરસ્કાર આપેલ તથા

૭૪.૪૦% સાથે પ્રથમ આવેલ કુમાર શિયાળ ભાર્ગવ રવજીભાઈને, પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહ તથા ઉપપ્રમુખ શ્રી મહાસુખભાઈ જકડિયા દ્વારા મોમેન્ટો, સન્માનપત્રક તથા રૂ.૧૫૦૦/- નું રોકડ ઈનામ આપીને સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

**શ્રીમતી તૃપ્તિબેન યુ. પેમાસ્ટર' :**

જેમાં ધો. ૧૨ માં પ્રથમ આવેલ કન્યા અને કુમારને શ્રીમતી તૃપ્તિબેન યુ. પેમાસ્ટર એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. આ અંતર્ગત શાળાના પ્રમુખ ગિરીશભાઈ શાહ તથા ઉપપ્રમુખ શ્રી મહાસુખભાઈ જકડિયા અને ટ્રેઝરર શ્રી જીતુભાઈ શાહએ ધો. ૧૨માં પ્રથમ આવેલ કન્યા, સોનાલી રમેશભાઇ ગોદવાણીને તથા ચેરમેન શ્રી દિપકભાઈ ધંધુકિયા તથા દાતા શ્રી પ્રકાશભાઈ ડેલીવાળાએ ધો. ૧૨ માં પ્રથમ આવેલ કુમાર જય અજયભાઈ ચોટલિયાને મોમેન્ટો, સન્માનપત્રક અને રૂ. ૧૫૦૦/- નું રોકડ ઈનામ આપીને સન્માનિત કરેલ.

**શ્રીમતી તૃપ્તિબેન યુ. પેમાસ્ટર' :**

ધો. ૯ થી ધો. ૧૧ માં પ્રથમ આવેલ કન્યા અને કુમાર એવા પાયલ વાઢેર, યુવરાજ ડોડિયા, તથા મયુર કળસરિયા અને વિધ્ધિ માંગુકિયાને તેજસ્વી તારલા સન્માન હેઠળ, મોમેન્ટો અને સન્માનપત્રક આપી પુરસ્કૃત કરવામાં આવ્યાં હતાં.

**'એવોર્ડ વિતરણ કાર્યક્રમ' :**

શાળામાં તા. ૨૬-૯ ના રોજ ધો. ૯ થી ધો. ૧૨ ના વિદ્યાર્થીઓ માટે એવોર્ડ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખાસ ધો. ૧૦ અને ધો. ૧૨ ના વાલીઓને પણ આમંત્રણ આપી વાલી સંમેલન યોજવામાં આવ્યું હતું. એવોર્ડ વિતરણનો કાર્યક્રમ સંસ્થાના પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહના અધ્યક્ષ સ્થાને, વિદ્યાર્થીઓને વિવિધ સિધ્ધિઓ બદલ પ્રોત્સાહિત કરવાના હેતુસર રાખવામાં આવ્યો હતો.

આ સમગ્ર કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના દ્વારા કરવામાં આવી. જેણે શબ્દોમાં શ્રી પ્રિયંકાબેન પંડયા તથા સાઈનમાં શ્રી ધ્રુવીબેન ચાવડાએ રજૂ કરી. એવોર્ડ વિતરણના સમગ્ર કાર્યક્રમનું સંચાલન માધ્યમિક શાળાના આચાર્યશ્રી શૈલેષભાઈ દવે દ્વારા કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સમગ્ર કાર્યક્રમ દરમ્યાન શાળાના શિક્ષક શ્રી વિરેન્દ્રસિંહ ગોહિલ તથા શ્રી જ્યોતિબેન બારૈયા દ્વારા ઇન્ટરપ્રિટીંગ કરવામાં આવ્યું હતું.

શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેએ, પ્રાર્થના બાદ સર્વે મહેમાનોનું શાબ્દિક સ્વાગત કાર્ય હતું. ત્યારબાદ મહેમાનશ્રીઓના વરદ હસ્તે “જ્ઞાન જ્યોત” દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. વાલીઓની ઉપસ્થિતિમાં મૂક બધિર દિવ્યાંગ વિદ્યાર્થીઓને “પ્રતિભાશાળી એવોર્ડ”, “તેજસ્વી તારલા સન્માન એવોર્ડ”, વિશિષ્ટ પ્રતિભા એવોર્ડ” “બેસ્ટ સ્ટુડન્ટ ઓફ ધ યર એવોર્ડ” “જયંત શાહ એવોર્ડ”, “શ્રીમતી તૃપ્તિબેન યુ. પેમાસ્ટર એવોર્ડ” એમ અલગ-અલગ એવોર્ડ અર્પણ કરવામાં આવ્યાં હતાં.



**'બેસ્ટ સ્ટુડન્ટ ઓફ ધ યર એવોર્ડ' :**

વિદ્યાર્થીઓ વધુને વધુ સંસ્કારી, શિસ્ત, નિયમિત બને તેવા હેતુસર, સમગ્ર વર્ષ દરમ્યાન જે વિદ્યાર્થી વર્ગમાં સૌથી વધુ હાજરી, નિયમિતતા, સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાં ભાગીદારી નોંધાવતા હોય, તેમજ અભ્યાસમાં અગ્રતા ધરાવતા હોય તેમનું શિક્ષકો દ્વારા બેસ્ટ સ્ટુડન્ટ ઓફ ધ યર માટે નામ પસંદગી કરવામાં આવેલ. જેમાં આ વર્ષે ધો. ૯ માંથી ઓડેદરા નિરજ, ધો. ૧૧ માંથી અગ્રાવત પાર્થ તથા ધો. ૧૨માંથી જતીન બાવળિયાને એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

**'વિશિષ્ટ પ્રતિભા સન્માન' :**



શિક્ષણની સાથે સહશૈક્ષણિક પ્રવૃતિઓ પણ એટલી જ મહત્વની હોય, તાજેતરમાં All India National Council of the deaf દ્વારા આયોજિત, નેશનલ ડેફ સિનિયર સ્પોર્ટ્સ ચેમ્પિયનશીપ સ્પર્ધામાં નડિયાદ ખાતે શાળાની પાંચ શ્રવણમંદ વિદ્યાર્થીનીઓ જીરણ વાણિયા, વિજયા કોટડિયા, દયા ચાવડા, સોનલ ભીમાણી, નંદિની રાઠોડે રાષ્ટ્રિય કક્ષાએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી, ગોલ્ડ મેડલ ઉપરાંત ૩૩,૦૦૦/- જેવી માતબર રકમનું ઈનામ મેળવ્યું હતું. તેમજ નિકેન દિનેશભાઈ વઢિયાર જેને ઊંચી કુદમાં રાષ્ટ્રિય કક્ષાએ બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. તે બદલ આ વિદ્યાર્થીઓને વિશિષ્ટ પ્રતિભા સન્માન મહેમાનશ્રીઓના વરદ હસ્તે મેમેન્ટો આપીને સન્માનિત

કરવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત ટ્રસ્ટ દ્વારા રાષ્ટ્રિય કક્ષાએ વોલીબોલમાં ગોલ્ડ મેડલ મેળવનાર તમામ વિદ્યાર્થીઓને રૂ. ૨૫૦૦/- તેમજ કોચ શ્રી હિતેષભાઈ વ્યાસને રૂ. ૨૫૦૦/- ના રોકડ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

વિદ્યાર્થી સન્માન બાદ વાલી શ્રી ચિંતનભાઈ કોઠારી અને શ્રી જયદીપભાઈ કળસરિયાએ શાળાકીય પ્રવૃત્તિઓ વિશે પોતાના સુંદર પ્રતિભાવો રજૂ કર્યાં હતાં.

આ સમગ્ર કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહ, ઉપપ્રમુખ શ્રી મહાસુખભાઈ જકડિયા, માનદ્ મંત્રી ડો. અશ્વિનભાઈ પંડયા, દાતા શ્રી પ્રકાશભાઈ ડેલીવાળા, ટ્રેઝરર શ્રી જીતુભાઈ શાહ, ચેરમેન શ્રી દિપકભાઈ ધંધુકિયા, છાત્રાલયના ચેરમેન શ્રી મિતાબેન ઓઝા અને સંસ્થાના HODશ્રીઓ હાજર રહ્યાં હતાં. પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહે પોતાના ઉદ્‌બોધનમાં વાલી અને વિદ્યાર્થીઓને તેમની સિધ્ધિ બદલ શુભેચ્છા પાઠવી હતી અને માધ્યમિક શાળાની સમગ્ર ટીમને સફળતા માટે અભિનંદન પાઠવ્યાં હતાં.



# શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા
## મહેતા છાત્રાલય



✍ સ્નેહાબેન જોષી

**ટ્રેક સુટ વિતરણ :**

એક સહગૃહસ્થને શાળાના બધાજ બાળકોને કપડાં આપવાની ઈચ્છા હોવાથી, માનનીય મંત્રીશ્રીને વાત કરતાં બાળકોને ઉપયોગી તેવા ટ્રેક સુટની જરૂરિયાત હોવાથી તેના માટે રૂ. દોઢ લાખનું ડોનેશન દાતાશ્રી તરફથી મળેલ અને શાળાના બધા જ બાળકોના માપ લઈને ડેફના લોગો સાથે, ટ્રેક સુટ બનાવડાવેલ અને બધા જ બાળકોને વિતરણ કરવામાં આવ્યાં હતાં.

- તા. ૧૪-૯ ના રોજ પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહ તરફથી બાળકોને ભોજનમાં બિરંજ સેવ, હોસ્ટેલમાં બનાવીને જ આપવામાં આવી હતી.
- તા. ૧૫-૯ ના રોજ શ્રી જયંતરામ સોમેશ્વરના સ્મરણાર્થે બાળકોને મિષ્ટાન ભોજન કરાવેલ. દૂધપાક છાત્રાલયના જ બનાવેલ હતો.
- તા. ૧૯-૯ ના રોજ શિક્ષક શ્રી કવિતાબેન શાહે એવોર્ડની ખુશીમાં બધાજ બાળકોને આઈસ્કિમ આપ્યો હતો.
- તા. ૧૯-૯ ના રોજ શ્રી અનંતરાય ગુણવંતરાયના જન્મદિવસ નિમિત્તે બાળકોને મિષ્ટાન ભોજન કરાવ્યું હતું. તેમજ આ માસ દરમ્યાન ઘણા બધા દાતાશ્રીઓ દ્વારા નાસ્તો ભોજન પણ કરાવવા આવેલ તેમજ શ્રી પયોનિતભાઈ પારેખ (એસ. એન્ડ એસ. એક્સપર્ટ, મુંબઈ) તરફથી બાળકોને એક દિવસ નાસ્તો તથા ભોજન દર માસે કરાવવામાં આવે છે.
- તા. ૨૦-૯ ના રોજ પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહ તરફથી બાળકોને ભોજનમાં કાલાજામ આપ્યાં હતાં.
- તા. ૨૧-૯ ના રોજ સ્વ. શ્રી નિલમબેન ભટ્ટના સ્મરણાર્થે મીઠાઇ, તેમજ શ્રી કિરીટભાઈ રાવળની પૂણ્યતિથિ નિમિતે બાળકોને ફરસાણ સાથે ભોજન કરાવ્યું હતું. તેમજ સ્વ. શ્રી મનહરલાલ જયશંકર જાનીની પૂણ્યતિથિ નિમિત્તે બાળકોને નાસ્તો કરાવ્યો હતો.
- તા. ૨૨-૯ થી ૨૪-૯ ના રોજ ચંદાબેન મોહનભાઈ પટેલ છાત્રાલયના ગ્રાઉન્ડમાં બાળકો માટે નવરાત્રી ઉત્સવ ઉજવણીનું આયોજન વડીલો દ્વારા કરવામાં આવ્યું હતું. ખૂબ જ ઉત્સાહભેર નવરાત્રીની ઉજવણી કરેલ. બાળકો નવા-નવા ટ્રેડિશનલ ડ્રેસ પહેરીને ખુબ જ આનંદપૂર્વક નવરાત્રી રમેલ. અને રોજ આઈસ્કિમ તથા નાસ્તાની મોજ માણી હતી. આ સમયે બાળકોને પ્રોત્સાહિત કરવા સંસ્થાના મંત્રીશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ, ચેરમેનશ્રીઓ, શિક્ષકશ્રીઓ તથા ગૃહમાતાશ્રીઓની જહેમતથી કાર્યક્રમને સફળતા મળી હતી.
- તા. ૨૫-૯ ના રોજ ક્રિષ્ના લોન્સમાં નવયુગ ગરબા ગ્રુપમાં બળકોને નવરાત્રી ગરબા રમવા લઈ ગયેલ. ત્યાં બાળકો ખૂબ જ સરસ રીતે ગરબા રમેલ. બાળકોને રમતા જોઈને આયોજકો પણ ખુશ થયેલ. બાળકોએ ગરબા સાથે ભોજન ત્યાં જ લીધેલ. તેમજ બાળકોને કીટ આપી હતી.
- ૨૭-૯ ના રોજ દર વર્ષની જેમ આ વર્ષે પણ, અગ્રવાલ સમાજ દ્વારા બાળકોને નવરાત્રીમાં ગરબા રમાડવાનું આયોજન કરેલ. બાળકો ખૂબ જ ઉત્સાહભેર નવરાત્રી રમેલ અને રાત્રી ભોજન પણ ત્યાં જ કરેલ. બાળકોનો ઉત્સાહ વધારવા સંસ્થાના માનદ્ મંત્રી ડો. અશ્વિનભાઈ પંડયા તથા શ્રી બિંદીબેન તથા ગૃહમાતાશ્રીઓ હાજર રહેલ અને દરેકને ઈનામ વિતરણ કર્યું હતું.

- તા. ૩૦-૯ ના રોજ માનદ્ મંત્રી ડો. અશ્વિનભાઈ પંડયા હસ્તે, એક દાતાશ્રી તરફથી બાળકોને જલેબી, ગાંઠિયાનો નાસ્તો કરાવેલ.
- તા. ૨-૧૦ ના રોજ શ્રી ચિરાગભાઈ તથા મિત્ર વર્તુળ તેમજ શ્રી જીગ્નેશભાઈ તેમજ મિત્ર વર્તુળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ બાળકોને દશેરા નિમિતે જલેબી, ગાંઠિયા અને ચોળાફળીનો નાસ્તો કરાવ્યો હતો.
- તા. ૧૫-૧૦ ના રોજ દાતાશ્રી ચિરાગભાઈ શાહ તથા તેમના મિત્ર વર્તુળ તરફથી બાળકોને સવારમાં નાસ્તામાં ચેવડો તથા કાજુ કતરીનો અનલિમિટેડ નાસ્તો કરાવેલ અને બાળકોને દિવાળીની શુભેચ્છા પાઠવેલ હતી.



# શ્રીમતી ચંદાબહેન મોહનભાઈ પટેલ છાત્રાલય



- તા. ૧૪-૯ ના રોજ પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહ તરફથી બાળકોને ભોજનમાં બિરંજ સેવ હોસ્ટેલમાં બનાવીને જ આપવામાં આવી હતી.
- તા. ૧૫-૯ ના રોજ શ્રી જયંતરામ સોમેશ્વરના સ્મરણાર્થે બાળકોને મિષ્ટાન ભોજન કરાવેલ. દૂધપાક છાત્રાલયના જ બનાવેલ હતો.
- તા. ૧૯-૯ ના રોજ શિક્ષક શ્રી કવિતાબેન શાહે એવોર્ડની ખુશીમાં બધાજ બાળકોને આઈસ્કિમ આપ્યો હતો.
- તા. ૧૯-૯ ના રોજ શ્રી અનંતરાય ગુણવંતરાયના જન્મદિવસ નિમિત્તે બાળકોને મિષ્ટાન ભોજન કરાવ્યું હતું. તેમજ આ માસ દરમ્યાન ઘણા બધા દાતાશ્રીઓ દ્વારા નાસ્તો ભોજન પણ કરાવવા આવેલ તેમજ શ્રી પયોનિતભાઈ પારેખ (એસ. એન્ડ એસ. એક્સપર્ટ, મુંબઈ) તરફથી બાળકોને એક દિવસ નાસ્તો તથા ભોજન દર માસે કરાવવામાં આવે છે.
- તા. ૨૦-૯ ના રોજ પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહ તરફથી બાળકોને ભોજનમાં કાલાજામ આપ્યાં હતાં.
- તા. ૨૧-૯ ના રોજ સ્વ. શ્રી નિલમબેન ભટ્ટના સ્મરણાર્થે મીઠાઇ, તેમજ શ્રી કિરીટભાઈ રાવળની પૂણ્યતિથિ નિમિતે બાળકોને ફરસાણ સાથે ભોજન કરાવ્યું હતું. તેમજ સ્વ. શ્રી મનહરલાલ જયશંકર જાનીની પૂણ્યતિથિ નિમિત્તે બાળકોને નાસ્તો કરાવ્યો હતો.
- તા. ૨૨-૯ થી ૨૪-૯ ના રોજ ચંદાબેન મોહનભાઈ પટેલ છાત્રાલયના ગ્રાઉન્ડમાં બાળકો માટે નવરાત્રી ઉત્સવ ઉજવણીનું આયોજન વડીલો દ્વારા કરવામાં આવ્યું હતું. ખૂબ જ ઉત્સાહભેર નવરાત્રીની ઉજવણી કરેલ. બાળકો નવા-નવા ટ્રેડિશનલ ડ્રેસ પહેરીને ખુબ જ આનંદપૂર્વક નવરાત્રી રમેલ. અને રોજ આઈસ્કિમ તથા નાસ્તાની મોજ માણી હતી. આ સમયે બાળકોને પ્રોત્સાહિત કરવા સંસ્થાના મંત્રીશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ, ચેરમેનશ્રીઓ, શિક્ષકશ્રીઓ તથા ગૃહમાતાશ્રીઓની જહેમતથી કાર્યક્રમને સફળતા મળી હતી.
- તા. ૨૫-૯ ના રોજ ક્રિષ્ના લોન્સમાં નવયુગ ગરબા ગ્રુપમાં બળકોને નવરાત્રી ગરબા રમવા લઈ ગયેલ. ત્યાં બાળકો ખૂબ જ સરસ રીતે ગરબા રમેલ. બાળકોને રમતા જોઈને આયોજકો પણ ખુશ થયેલ. બાળકોએ ગરબા સાથે ભોજન ત્યાં જ લીધેલ. તેમજ બાળકોને કીટ આપી હતી.
- ૨૭-૯ ના રોજ દર વર્ષની જેમ આ વર્ષે પણ, અગ્રવાલ સમાજ દ્વારા બાળકોને નવરાત્રીમાં ગરબા રમાડવાનું આયોજન કરેલ. બાળકો ખૂબ જ ઉત્સાહભેર નવરાત્રી રમેલ અને રાત્રી ભોજન પણ ત્યાં જ કરેલ. બાળકોનો ઉત્સાહ વધારવા સંસ્થાના માનદ્ મંત્રી ડો. અશ્વિનભાઈ પંડયા તથા શ્રી બિંદીબેન તથા ગૃહમાતાશ્રીઓ હાજર રહેલ અને દરેકને ઈનામ વિતરણ કર્યું હતું.


- તા. ૩૦-૯ ના રોજ માનદ્ મંત્રી ડો. અશ્વિનભાઈ પંડયા હસ્તે, એક દાતાશ્રી તરફથી બાળકોને જલેબી, ગાંઠિયાનો નાસ્તો કરાવેલ.
- તા. ૨-૧૦ ના રોજ શ્રી ચિરાગભાઈ તથા મિત્ર વર્તુળ તેમજ શ્રી જીગ્નેશભાઈ તેમજ મિત્ર વર્તુળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ બાળકોને દશેરા નિમિતે જલેબી, ગાંઠિયા અને ચોળાફળીનો નાસ્તો કરાવ્યો હતો.
- તા. ૧૫-૧૦ ના રોજ દાતાશ્રી ચિરાગભાઈ શાહ તથા તેમના મિત્ર વર્તુળ તરફથી બાળકોને સવારમાં નાસ્તામાં ચેવડો તથા કાજુ કતરીનો અનલિમિટેડ નાસ્તો કરાવેલ અને બાળકોને દિવાળીની શુભેચ્છા પાઠવેલ હતી.



# શ્રીમતી પ્રભાકુંવરબહેન રતિલાલ વાઘર કૃત્રિમ સાધન સહાય વર્કશોપ

✍ અશ્વિનભાઈ પંડ્યા (ચેરમેન)



- સપ્ટેમ્બર માસમાં સ્થાનિક કક્ષાએ કુલ ૧૦૧ જેટલા લાભાર્થીઓને તપાસવામાં આવ્યાં છે. જેમાં લાભાર્થીઓને આશરે ૧૧૮ જેટલા જુદા-જુદા સાધનો જેવા કે, આખા પગ-૧, અડધા પગ-૪, ઓર્થોશુઝ-૩, ની-બ્રેસ-૨૪, હેન્ડ સ્પીલન્ટ-૧, અન્ય-૬૨, કેલીપર-૧, એ.એફ.ઓ.-૧૫, પ્લાસ્ટિક ઓર્થોસિસ-૭ એમ કુલ-૧૧૮ સાધનો આપવામાં આવ્યાં હતાં.



# શ્રી શાહ કે. એલ. ઈન્સ્ટિટ્યૂટ ફોર ધ ડેફ - ટ્રસ્ટ સંચાલિત શ્રી કે. કે. અજમેરા ટિચર્સ ટ્રેનિંગ કૉલેજ (હીયરિંગ ઇમ્પેર્ડ)

✍ ડૉ. ધવલ વ્યાસ



**1. B.Ed.Spl.Ed.(HI)ના વર્ષ 2023-25નાં ત્રણ તાલીમાર્થીઓએ ઉચ્ચ અભ્યાસ M.Ed.Spl.Ed.(HI) માં મેળવેલ પ્રવેશ :**

કૉલેજની B.Ed.Spl.Ed.(HI) અભ્યાસક્રમની બેચ ૨૦૨૩-૨૫નાં ત્રણ તાલીમાર્થીઓ ચૌહાણ કેતન વસંતરાય, દવે દિપેન શૈલેષભાઈ અને ભલગામિયા શ્વેતાબેન પ્રવીણભાઈએ એન્ટ્રેસ પરીક્ષા પાસ કરીને મુબઈ ખાતેની અલિ યાવર જંગ નેશનલ ઇન્સ્ટીટ્યુટ ફોર ધ સ્પીચ એન્ડ હિઅરીંગ ડિસેબિલિટીના M.Ed.Spl.Ed.(HI) અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ છે. જે બદલ સંસ્થા-કૉલેજ પરિવારે ત્રણેય તાલીમાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવેલ હતાં.

**2. AISHE ના વર્કશોપમાં ભાગ લેતાં ડૉ. ધવલ વ્યાસ :**

તા.૧૭-૦૯-૨૦૨૫ના રોજ મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી ખાતે All India Survey on Higher Education (AISHE) નો વર્ષ ૨૦૨૪-૨૫ નો સર્વે રીપોર્ટ ભરવાં અંગેનો એક વર્કશોપ યોજાઈ ગયો. જેમાં યુનિવર્સિટી સલંગ્નિત તમામ કોલેજમાંથી નોડેલ ઓફિસરો ઉપસ્થિત રહ્યાં હતાં. તે જ રીતે આપણી કૉલેજનાં એસોસિએટ પ્રોફેસર અને હેડ ડૉ. ધવલ વ્યાસે પણ આ વર્કશોપમાં ભાગ લઈ સર્વે રીપોર્ટનાં તમામ પાસાંઓનો ખ્યાલ મેળવ્યો હતો.

**3. DIETના B.Ed. (Gen.) કૉલેજનાં તાલીમાર્થીઓની મુલાકાત :**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET), ભાવનગરના B.Ed.(Gen.)ના તાલીમાર્થીઓની અને તેમની



ફેકલ્ટીની ટીમે તા.૧૯-૦૯-૨૦૨૫ના રોજ આ તાલીમી કોલેજની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન એસોસિએટ પ્રોફેસર અને હેડ, ડો. ધવલ વ્યાસ દ્વારા મુલાકાતીઓને કૉલેજના કાર્યો વિશે માહિતી આપવામાં આવી હતી. મુલાકાત દરમિયાન તેઓએ કૉલેજના વર્ગખંડના અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાનું નિરીક્ષણ પણ કર્યું હતું.

**4. ત્રિ-દિવસીય નવરાત્રિ મહોત્સવમાં સહભાગિતા :**

તા.૨૨-૦૯-૨૦૨૫થી તા.૨૪-૦૯-૨૦૨૫ દરમિયાન શ્રી શાહ કે. એલ. ઇન્સ્ટીટ્યુટ ફોર ધ ડેફ દ્વારા ત્રિ-દિવસીય નવરાત્રિ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉત્સવમાં શ્રી કે. કે. અજમેરા ટીચર્સ ટ્રેનિંગ કોલેજના તાલીમાર્થીઓ અને ફેકલ્ટીશ્રીઓ પણ ઉત્સાહભેર સહભાગી થયાં હતાં. આ નવરાત્રિ ઉત્સવની પૂર્વ-તૈયારી સ્વરૂપે, કોલેજના તાલીમાર્થીઓએ શાળાનાં શ્રવણમંદ બાળકોને આપવાની ભેટના ગિફ્ટ પેક કર્યા, ગિફ્ટ વિતરણમાં મદદરૂપ બન્યાં,

સ્ટેજનાં સુશોભન કરવામાં મદદરૂપ બન્યાં. આમ, તાલીમાર્થીઓએ આ ઉત્સવને સફળ અને યાદગાર બનાવવાનાં પ્રયાસો કર્યા હતાં.

**5. 'આંતરરાષ્ટ્રીય સાંકેતિક ભાષા દિન'ની ઉજવણી કરતી તાલીમી કૉલેજ :**

સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા ૨૩મી સપ્ટેમ્બરને 'International Day of Sign Language' તરીકે વર્ષ ૨૦૧૮થી દર વર્ષે સમગ્ર વિશ્વમાં ઉજવવામાં આવે છે. તેના ઉપલક્ષ્યમાં તા.૨૩-૦૯-૨૦૨૫નાં રોજ આપણી કોલેજ દ્વારા પણ ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી બે ભાગમાં વહેંચાયેલી હતી. પહેલાં ભાગમાં જુદા-જુદા વિષયો ઉપર તાલીમાર્થીઓના વક્તવ્યો ગોઠવવામાં આવ્યાં હતાં અને બીજા ભાગમાં રોજીંદા જીવનમાં ઉપયોગમાં આવે તેવાં ૩૦ શબ્દોની સાઈન શીખવવામાં આવી હતી. વક્તવ્યોના વિષયો હતાં. ૧) સાંકેતિક ભાષાનું મહત્વ, ૨) સાંકેતિક ભાષા માટેના પડકારો, ૩) સામાન્ય શાળાના અભ્યાસક્રમને સાંકેતિક ભાષામાં પરિવર્તિત કરવાની જરૂરિયાત, અને ૪) NEP, ૨૦૨૦માં સાંકેતિક ભાષાનું સ્થાન. સૌ તાલીમાર્થીઓ અને સ્ટાફે ઉમંગભેર આ દિવસની ઉજવણી કરી હતી.

**6. તાલીમાર્થીઓની નટરાજ કેમ્પસ ખાતેની સમાવેશી અને વિશિષ્ટ શાળાઓની મુલાકાત :**



તા. ૨૯-૦૯-૨૦૨૫ના રોજ B.Ed.Spl.Ed.(HI) અભ્યાસક્રમના સેમેસ્ટર-૧માં નવા પ્રવેશ મેળવેલ તાલીમાર્થીઓએ નટરાજ કેમ્પસ ખાતેની કે. એન. શાહ 'હાઈ-ટેક' સમાવેશી શાળા અને નટરાજ સેરેબ્રલ પાલ્સીવાળા બાળકો માટેની વિશિષ્ટ શાળાની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન તાલીમાર્થીઓએ બંને શાળાઓની અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા, વિશિષ્ટ અભ્યાસક્રમ, બેઠક વ્યવસ્થા, વર્ગખંડ વ્યવસ્થાપન, અધ્યયન-અધ્યાપનની સામગ્રીઓ, ઓક્યુપેશનલ થેરેપી સેન્ટર, પુસ્તકાલય, સેરેબ્રલ પાલ્સીવાળા બાળકો માટે ગરમ પાણીના સ્નાનનું સેન્ટર, પ્લે એરિયા, સંગીત વર્ગ વગેરેની પ્રત્યક્ષ સમજ મેળવી હતી. આ મુલાકાત દરમિયાન કૉલેજની ફેકલ્ટીશ્રીઓ જ્યોતિબેન મહાજન અને સુભસ્મિતા બિસ્વાલ તાલીમાર્થીઓની સાથે રહી યોગ્ય માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

**7. B.Ed.Spl.Ed.(HI)નાં પ્રથમ વર્ષનાં તાલીમાર્થીઓનું વર્ગખંડ અવલોકન :**

તા.૨૯-૦૯-૨૦૨૫ અને તા.૩૦-૦૯-૨૦૨૫ દરમિયાન B.Ed.Spl.Ed.(HI) અભ્યાસક્રમના સેમેસ્ટર-૧માં નવા પ્રવેશ મેળવેલ તાલીમાર્થીઓએ નટરાજ કેમ્પસ ખાતેની કે. એન. શાહ 'હાઈ-ટેક' સમાવેશી શાળાનાં વર્ગખંડોના શૈક્ષણિક કાર્યોનું તેમજ તા. ૦૩-૧૦-૨૦૨૫ અને તા.૦૪-૧૦-૨૦૨૫ દરમિયાન નટરાજ સેરેબ્રલ પાલ્સીવાળા બાળકો માટેની વિશિષ્ટ શાળાનાં વર્ગખંડોના શૈક્ષણિક કાર્યોનું અવલોકન કરેલ હતું.

**8. D.Ed. અને B.Ed.(HI) અભ્યાસક્રમોનાં તાલીમાર્થીઓની આંતરિક પરીક્ષા યોજાઈ :**



તા.૧૦-૧૦-૨૦૨૫થી તા.૧૫-૧૦-૨૦૨૫ દરમિયાન B.Ed.Spl.Ed.(HI) અભ્યાસક્રમના સેમેસ્ટર-૩નાં તાલીમાર્થીઓની તેમજ તા.૧૧-૧૦-૨૦૨૫થી તા.૧૪-૧૦-૨૦૨૫ દરમિયાન D.Ed.Spl.Ed.(HI) અભ્યાસક્રમના સેમેસ્ટર-૩નાં તાલીમાર્થીઓની આંતરિક પરીક્ષા યોજવામાં આવી હતી. શાંત વાતાવરણમાં પરીક્ષાઓ પૂર્ણ થઈ હતી.

**9. એક્સેલ સ્કૂલ ઓફ નર્સિંગના તાલીમાર્થીઓની મુલાકાત :**

તા.૧૩-૧૦-૨૦૨૫ના રોજ એક્સેલ સ્કૂલ ઓફ નર્સિંગનાં ૬૦ ANM અને GNM અભ્યાસક્રમોના તાલીમાર્થીઓ અને બે ફેકલ્ટીશ્રીઓએ તાલીમી કૉલેજની મુલાકાત લીધી હતી. કૉલેજનાં એસોસિએટ પ્રોફેસર અને હેડ, ડૉ. ધવલ વ્યાસ દ્વારા તેમને કોલેજમાં ચાલતાં અભ્યાસક્રમો અને પ્રવૃત્તિઓ વિશે માહિતી આપવામાં આવી હતી અને પૂછાયેલા પ્રશ્નોના યોગ્ય જવાબો આપીને પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું.

# શેઠ શ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલ

## શ્રી પ્રતાપરાય શામજીભાઈ પારેખ પોલિક્લિનિક



સૂર્યકાંત ચાવડા

**મોતીયાના વિનામૂલ્યે ઓપરેશન અને તપાસ નિદાન કેમ્પ**

- આ હોસ્પિટલ અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ભાવનગર દ્વારા એક નેત્રયજ્ઞનું આયોજન તા.૨૦-૯ ના રોજ રેડક્રોસ ભવન દીવાનપરા રોડ, ભાવનગર ખાતે યોજાયો હતો , જેમાં ડો.ધ્રુવિલભાઈ નાયક દ્વારા ૩ દર્દીઓને વિનામૂલ્યે આંખની તપાસ કરી આપી હતી, લોઢાવાળા હોસ્પિટલમાં ફેકો મશીન દ્વારા ટાંકા વગરના મોતિયાના ઓપરેશન કરી, નેત્રમણી મૂકી આપવા તારીખ આપી હતી. તથા અન્ય દર્દીઓને ચશ્માના નંબર તથા આંખના ટીપાં દ્વારા સારવાર આપી હતી.
- આ હોસ્પિટલ ખાતે તા. ૨૫-૯ ના રોજ વિનામૂલ્યે કેમ્પ યોજાય ગયો હતો, જેમાં ડો. હર્ષા મહેશ્વરી અને ડો.ધ્રુવિલભાઈ નાયક દ્વારા ૩૪ દર્દીઓને વિનામૂલ્યે આંખની તપાસ કરી આપી હતી.
- આ હોસ્પિટલ અને લાયન્સ ક્લબ ઓફ ભાવનગર (વેસ્ટ)ના સંયુક્ત ઉપક્રમે, વિનામૂલ્યે મોતિયો નેત્રયજ્ઞ તા. ૨૭-૯ ના રોજ ઘોઘાસર્કલ, સંસ્કાર મંડળ (અખાડા), ભાવનગર ખાતે રાખવામાં આવેલ હતો, જેમાં ડો.ધ્રુવિલભાઈ નાયક દ્વારા ૩૮ દર્દીઓને વિનામૂલ્યે આંખની તપાસ કરી આપી હતી.

નોંધ : ઉપરોક્ત કેમ્પોમાંથી ૮ ઉપરાંત મોતિયાના ઓપરેશનની જરૂરતવાળા દર્દીઓને, જિલ્લા અંધત્વ નિયંત્રણ સોસાયટી, ભાવનગર તેમજ શ્રી ધનવંતભાઈ અજમેરાના સહયોગથી લોઢાવાળા હોસ્પિટલ પથિકાશ્રમ પાસે, ગંગાજળિયા તળાવ ભાવનગર ખાતે અદ્યતન ફેકો મશીન દ્વારા ટાંકા વગરના મોતિયાના ઓપરેશન કરી, નેત્રમણી મૂકી આપવા તારીખ આપી હતી. તથા અન્ય દર્દીઓને ચશ્માના નંબર તથા આંખના ટીપા દ્વારા સારવાર આપી હતી.

**નિસ્બત ફાઉન્ડેશન તરફથી મીઠાઇ વિતરણ :**

આ હોસ્પિટલમાં કાર્યરત તમામ ૨૨ કર્મયોગી ભાઇઓ- બહેનોને દિપાવલીના શુભપર્વ નિમિત્તે શ્રી અનંતરાય કે. શાહ (બાબાભાઇ) નિસ્બત ફાઉન્ડેશન તરફથી મીઠાઇ તથા સંસ્થાના ઉપપ્રમુખશ્રી રાજેશભાઇ હકાણી, માનદ્ મંત્રી શ્રી સૂર્યકાંતભાઇ ચાવડા અને ખજાનચી શ્રી કીર્તિભાઇ ગાંધી તરફથી શુભેચ્છા ભેટ આપવામાં આવી હતી. આ પ્રસંગે શ્રી બાબાભાઇ, શ્રી રાજેશભાઇ હકાણી, શ્રી કીર્તિભાઇ ગાંધી, શ્રી પારસભાઇ શાહ, શ્રી ઇલાબેન શાહ, શ્રી સુકેતુભાઇ શાહ, શ્રી કવિતાબેન શાહ, યુવા કાર્યકર શ્રી. ચિ.પર્વ શાહ તથા ડો. નિશા સોલંકી ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમમાં શ્રી બાબાભાઇ એ પ્રસંગને અનુરૂપ વકતવ્ય આપ્યું હતું. આ કાર્યક્રમનું સફળ સંચાલન અને આભારવિધિ શ્રી સૂર્યકાંત ચાવડા દ્વારા કરવામાં આવી હતી. તથા તમામ ટ્રસ્ટીગણ દ્વારા કર્મચારી ભાઇઓ- બહેનોને નવા વર્ષની શુભેચ્છા પાઠવવામાં આવી હતી.



**સપ્ટેમ્બર-૨૦૨૫ દરમ્યાન, નીચે મુજબના દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે.**

| DEPARTMENT | No.Of Patients | DEPARTMENT | No.Of Patients |
|---|---|---|---|
| EYE DEPARTMENT | | PSYCHIATRIC (M.D.) | 61 |
| OPD | 292 | ORTHOPEDIC DEPARTMENT | 47 |
| Cataract Surgeries - Free | 16 | CHEST PHYSICIAN | 02 |
| Cataract Surgeries - Paid | 02 | PHYSIOTHERAPY | 39 |
| ENT DEPARTMENT | | GENERAL OPD | 168 |
| OPD | 528 | PSYCHIA TRIC | 24 |
| OPERATION - PAID | 08 | PEDIATRIC | 02 |
| MINOR PROCEDURE | 181 | SKIN DEPARTMENT | 207 |
| MATERNITY | | LABORATORY PATIENT | 105 |
| OPD | 12 | LABORATORY TEST | 208 |
| DENTAL DEPARTMENT | | SONOGRAPHY | 13 |
| OPD | 113 | CAMP | 03 |
| PROCEDURE | 132 | PAPATIENT | 75 |
| | | SHAMJI MAVJI RELIEF | 17 |



સ્વ. ભાવસાર દેવચંદભાઈ મુળજીભાઈ તળાજીયા અને સ્વ. ભાવસાર ખમાલક્ષ્મી દેવચંદભાઈ તળાજીયા

# 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળા

નેહલ ગઢવી



## આદ્યશક્તિ પર્વની ઉજવણી :

તા.૨૭/૦૯/૨૦૨૫નાં રોજ ભાવનગરના કલેક્ટર ડો. મનિષકુમાર બંસલના મુખ્ય મહેમાન પદે દીપક હોલ ગ્રાઉન્ડ ખાતે, મોઢ જ્ઞાતિ યુવક મંડળના સહયોગથી શાળાના બાળકોએ આધશક્તિ પર્વ – નવરાત્રીની ભવ્ય ઉજવણી કરી હતી. તેમજ શ્રી જયંતભાઈ વનાણી (બુધાભાઈ પટેલ) અગ્રણી ઉધોગપતિ, શ્રી રાનીબેન ચૌધરી (અલંગ ઓટો એન્જી. કું પ્રા. લિ.), શ્રી ઉદયભાઈ અગ્રવાલ (અલંગ ઓટો એન્જી. કું પ્રા. લિ.), શ્રી અવિકાબેન અગ્રવાલ (અલંગ ઓટો એન્જી. કું પ્રા. લિ.), શ્રી કિશોરભાઈ ભાયાણી (મેસર્સ ભાયાણી નગીનદાસ હીરાલાલ), શ્રી તુષારભાઈ મહેતા, શ્રી રાજુભાઈ ધામેલિયા, શ્રી જતિનભાઈ મણિયાર (પ્રમુખશ્રી, મોઢ જ્ઞાતિ યુવક મંડળ), શ્રી સુનિલભાઈ પરીખ (પ્રમુખશ્રી, મોઢ જ્ઞાતિ નવું તડ), ની અતિથિ વિશેષ ઉપસ્થિતીમાં આરતી કરી, બાળકો, વાલીઓ અને સ્ટાફ પરિવાર તેમજ મહેમાનો ધ્વારા રાસ-ગરબા લેવામાં આવ્યાં હતાં.

વિશેષમાં શ્રી બુધાભાઈ પટેલ તરફથી દરેક બાળકો તથા સ્ટાફને જમાડવામાં આવ્યાં હતાં. તેમજ શ્રી કિશોરભાઈ સુરેજા પરિવાર, શ્રી તુષારભાઈ મહેતા, મોઢ જ્ઞાતિ યુવક મંડળ તરફથી બાળકોને ગિફ્ટ આપવામાં આવેલ. આ પ્રસંગે ટ્રસ્ટીશ્રીઓ, કર્મચારીગણ, વાલીઓ તથા બાળકો બહોળી સંખ્યામાં હાજર રહ્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન ડો. ભાવનાબેન અંધારિયા ધ્વારા તથા આભારવિધિ માનદ્ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠ ધ્વારા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંકલન આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણીએ કરેલ.

તેમજ તા.૨૫/૦૯/૨૦૨૫નાં રોજ સિદસર, ક્રિષ્ના લોંજ ખાતે, નવયુગ ગ્રુપ દ્વારા આયોજીત નવરાત્રિ કાર્યક્રમમાં શાળાના બાળકોએ ભાગ લઇ રાસ-ગરબાની રમઝટ બોલાવી હતી અને સાથો સાથ ડિનરનો પણ લ્હાવો લીધો હતો.

## ફટાકડા, કપડા તથા મીઠાઈ વિતરણ :

શાળામાં દર વર્ષેની માફક આ વર્ષે પણ શ્રી જીતુભાઈ ફટાકડાવાળા તથા શ્રી નિમેષભાઈ દેસાઈ તથા પરાગભાઈ મણિયાર તરફથી શાળાના દરેક બાળકોને ફટાકડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથો-સાથ એક દાતા શુભેચ્છકના સહયોગથી દરેક બાળકોને એક જોડી કપડા આપવામાં આવ્યાં હતાં તેમજ મીઠાઈ તથા ફરસાણનું વિતરણ કરવામાં આવ્યું હતું.



## અનાજ કિટ વિતરણ :




સંસ્થામાં તાલીમ મેળવતા અતિ ગરીબ અને જરૂરિયાતવાળા ૮૦ બાળકોને શ્રી નેહલબેનના પ્રયત્નો થકી લાઈન્સ કલબ ઓફ જુહુના સહયોગથી અનાજની કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## બાસ્કેટ બોલ સિલેકશન કેમ્પ :

તા.૧૯/૦૯/૨૦૨૫ નાં રોજ અમદાવાદ ખાતે સ્પેશ્યલ ઓલિમ્પિક્સ – ગુજરાત દ્વારા સિલેક્શન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાની વિધાર્થીની માનસી મેહુલભાઈ આલગોતરે પ્રથમ નંબર પ્રાપ્ત કરી, નેશનલ બાસ્કેટબોલ ચેમ્પિયનશિપ માટે પસંદગી પામી, શાળાનું ગૌરવ વધારેલ છે. શાળાના સ્પોર્ટસ ટીચર શ્રી આસીફભાઈ તથા શ્રી ફાતેમાબેન દ્વારા આ બાળકને સતત પ્રેક્ટીસ તથા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અભિનંદન...

## નેશનલ લેવલે સિલ્વર મેડલ મેળવતી શાળાની વિદ્યાર્થીની

તા.૦૫/૧૦/૨૦૨૫નાં રોજ ઓરિસ્સા ખાતે નેશનલ લેવલે બાસ્કેટબોલની રમતમાં શાળાની વિધાર્થીની માનસી આલગોતરે સિલ્વર મેડલ મેળવી નેશનલ લેવલે ગુજરાત, ભાવનગર તથા અંકુર શાળાનું નામ ગુંજતુ કર્યું હતું.

**નુતનવર્ષ સ્નેહમિલન કાર્યક્રમ :**



શાળા ખાતે તા.૨૬/૧૦/૨૦૨૫ને લાભ પાંચમનાં દિવસે નુતનવર્ષ સ્નેહમિલન કાર્યક્રમ યોજાયેલ જેમાં P.N.R. સોસાયટી સંલગ્નિત સંસ્થાઓના ટ્રસ્ટીશ્રીઓ, સભ્યો, હોદ્દેદારો, શાળાના આચાર્યશ્રી, શિક્ષકો તથા કાર્યકરોએ પરસ્પર નુતન વર્ષની શુભેચ્છા પાઠવેલ. તેમજ શ્રી બાબાભાઈ, શ્રી ગિરીશભાઈ શાહ તથા શ્રી વિનુભાઈ હકાણીએ પણ સર્વેને શુભેચ્છા પાઠવેલ. વિશેષમાં 'અંકુર'ના હોસ્ટેલ પ્રોજેક્ટમાં શાળાના પ્રમુખ શ્રી વિનુભાઈ હકાણી તરફથી લાભ પાંચમના શુભ દિવસે રૂા. ૧૧ લાખનું અનુદાન જાહેર કરવામાં આવ્યું હતું. અંતમાં સૌએ અલ્પાહાર લીધો હતો.

## શ્રી ડી.કે. અજમેરા ફાઉન્ડેશન તથા શ્રીમતી ભાનુમતિ વાડીલાલ ચત્રભુજ ગાંધી "ભાનુવાડી" વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર

**દિપાવલી પ્રોજેક્ટ :**

દિપાવલી પર્વ નિમિત્તે શાળા સંચાલિત ભાનુંવાડી વોકેશનલ ટ્રેઈનિંગ સેન્ટરમાં, આઈ.ડી. બાળકો દ્વારા બનાવવામાં આવેલ ટી-લાઈટ, કલરફુલ રંગોળીઓ, તોરણ, ટોડલિયા, બટવા, બાજોટ રૂમાલ, ડેકોરેટીવ દિવડા તેમજ અન્ય વસ્તુઓનું અમેરિકા, કેનેડા, બ્રિટન જેવા દેશોમાં તથા ભારતના મુંબઈ, કાનપુર, બેંગ્લોર, કલકત્તા તથા ગુજરાતના વિવિધ શહેરોમાં ઓનલાઈન, તેમજ શાળા ખાતે પણ વેચાણ કરવામાં આવ્યું હતું. આ વેચાણમાંથી થતા નફાની રકમ, આઈ.ડી. બાળકોને આપવામાં આવી હતી. આ સમગ્ર પ્રોજેકટને સફળ બનાવવા વોકેશનલ વિભાગના હેડ શ્રી નેહલબેન ગઢવી તથા તેમની ટીમ દ્વારા સરાહનીય પ્રયત્ન કરવામાં આવ્યાં હતાં.

## ૧ થી ૩૧ ઓક્ટોમ્બર ૨૦૨૫ સુધીના દાતાઓની યાદી

**P. N. R. SOCIETY**

**80-G**

| | Rs. |
|---|---|
| Shri Jitendra Kirtilal Bhansali Trust - Mumbai | 5,00,000 |
| Shri Natwarlal And Shyamlal Dalal Foundation - Mumbai | 20,00,000 |
| Shri Mukesh Mahendraprasad Oza - Mumbai | 50,000 |
| Shri Nergish Darius Vesavewala - Mumbai | 15,000 |
| Shri Jay N.Mehta - Bhavnagar | 5,100 |
| Shri Bharatbhai BaradBhavnagar | 1,000 |
| Shri B.K.Parekh Parkinson's Disease & Movment Disorder - Mahuva | 73,000 |

| | |
|---|---|
| Shri Pravinchandra N Kapasi - Bhavnagar | 10,000 |
| Shri Meenaben P.Kapasi - Bhavnagar | 9,000 |
| Shri Damayantiben N Desai - Bhavnagar | 9,000 |
| Shri Kathan N. Desai - Bhavnagar | 9,000 |
| Shri Sanjay N. Desai - Bhavnagar | 9,000 |
| Shri Hetal S. Desai - Bhavnagar | 9,000 |
| Shri Falguni H. Kapasi - Bhavnagar | 9,000 |
| Shri Jalpa A. Kapasi - Bhavnagar | 9,000 |
| Shri Poojan Hiteshbhai Kapasi - Bhavnagar | 9,000 |
| Shri Apoorv P. Kapasi - Bhavnagar | 9,000 |
| Shri Hitesh P. Kapasi - Bhavnagar | 9,000 |

| | |
|---|---|
| Shri Nayanaben Rajendrabhai Gandhi | |
| - Mumbai | 3,00,000 |
| Shri Rekha Ashok Kothari - Mumbai | 1,50,000 |

## FCRA

| | $ |
|---|---|
| THE DALAL FAMILY FOUNDATION INC | |
| - USA | 28,500 |

## K. L. INSTITUTE FOR THE DEAF - TRUST

| | Rs. |
|---|---|
| M/S. Jinesh Traders - Bhavnagar | 2,000 |
| Shri Girishbhai C. Shah - Bhavnagar | 6,500 |
| Late Shri Shyambhai - Bhavnagar | 7,500 |
| Late Gitaben Narendrabhai Parekh | |
| - Bhavnagar | 6,000 |
| M/S. S And S Export - Mumbai | 20,000 |
| Shri Pragneshbhai Prakashbhai Khavadiya | |
| - Bhavnagar | 6,000 |
| Shri Ajaybhai Doshi In Mem Of Lt.Vivek | |
| Ajaybhai Doshi - Bhavnagar | 13,000 |
| Well Wisher- Bhavnagar | 2,500 |
| Ms. Meenaben Ghanshyambhai Upadhyay | |
| - Vadodara | 5,000 |
| Ms. Shashi Prabha - Bhavnagar | 25,000 |
| Shri Samrdeepsinh Lakhdhirsinh Sarvaiya - | |
| Bhavnagar | 6,000 |
| M/S. Anan Drug And Chem Ltd. - Bhavnagar | 31,000 |
| Shri Mukesh Oza - Mumbai | 50,000 |
| Ms. Sonal Pranav Mehta -Bhavnagar | 25,000 |
| Shri Pranav Hrushikesh Mehta - Bhavnagar | 25,000 |
| Shri Shantibhai Patadiya - Bhavnagar | 1,000 |
| Ms. Jyotsnaben & Pravinbhai Bhogilal Shah | |
| Parivar - Ahmedabad | 5,000 |
| M/S. H R Trading - Bhavnagar | 29,700 |
| Shri Aroon Umedchand Sanghavi - Mumbai | 5,000 |
| M/S. Mahuva Refinery - Bhavnagar | 1,000 |

## ANKUR SCHOOL FOR M. R. CHILDREN

COMMITMENT TO EXCELLENCE

| | Rs. |
|---|---|
| M/S. Jade Blue Lifestyle India Limited | |
| - Ahmedabad | 25,000 |
| Late Shri Chichiben Prabhubhai Patel | |
| - Ahmedabad | 7,000 |
| Shri Chirag Vinodkumar Dodiya - Bhavnagar | 1,100 |
| Shri Milanbhai Parekh - Bhavnagar | 12,000 |
| Mrs.Shashiprabha - Bhavnagar | 25,000 |
| Shri Mehulbhai - Ahmedabad | 5,000 |
| Shri Kinnariben Amulbhai Desai - Bhavnagar | 10,000 |
| Shri Hareshbhai Shantilal Shah - Ahmedabad | 81,001 |
| Shri Sanjay Anandlal Kothari - Mumbai | 5,000 |
| Shri Subhash Chandra Tank - Ahmedabad | 7,051 |
| Shri Subhash Chandra Tank - Ahmedabad | 27,251 |
| Shri Preeti Paresh Shah - Mumbai | 75,000 |
| Shri Mamta Kishorkumar Chapatwala - Surat | 6,400 |
| Shri Hiteshbhai Natvarlal Vora - Bhavnagar | 25,000 |
| Kishorbhai Chandulal Desai - Bhavnagar | 5,000 |
| Shri Shah Jyotsnaben And Pravinbhai | |
| Bhogilal Family - Ahmedabad | 5,000 |
| Shri Divyesh Navinchandra Shah - Mumbai | 10,000 |
| M/S. Shreenath Traders - Bhavnagar | 1,00,000 |
| Shri Raginiben Shah - Bhavnagar | 5,001 |
| Shri Shiraz Sadruddin Lalani - Mumbai | 1,111 |
| Shri Ambarish Ratilal Sodha - Mumbai | 21,000 |
| M/S. Crescent Packaging - Ahmedabad | 1,1000 |
| M/S. Lions Club Of Juhu Service Fund | |
| - Mumbai | 4,00,000 |
| M/S. Lincoln Pharmaceuticals Ltd | |
| - Ahmedabad | 51,000 |
| M/S. Lincoln Pharmaceuticals Ltd | |
| - Ahmedabad | 11,000 |
| M/S. Lincoln Pharmaceuticals Ltd | |
| - Ahmedabad | 1,00,000 |
| M/S. Lincoln Pharmaceuticals Ltd | |
| - Ahmedabad | 1,00,000 |

# PNR સોસાયટી તસ્વીર સમાચાર



PNR સોસાયટીની ટ્રસ્ટી મંડળની મિટીંગમાં ઉપસ્થિત ટ્રસ્ટીગણ તથા કાર્યકર્તાઓ...



દિપાવલી ભેટ વિતરણ કરતાં ...



ગ્રોસરી કીટ વિતરણ કરતાં...



SBI નિવૃત્ત કર્મચારી માટે નિઃશુલ્ક કાનનો તપાસ કેમ્પ...



કે.એન. શાહ હાઈટેક સ્કૂલમાં રંગોત્સવની ઉજવણી...

Koshish thi Kamyabi ◆ R.N.I. No. GUJGUJ/2013/48176 ◆ Postal Reg. L2/36/RNP/BVR-414/2025-27 ◆ Monthly
Date of Publication : 15 November - 25 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 28

